રજુ કર્યા તારીખ :– **૦૫/૦૭/૨૦૨૫**
નોંધ્યા તારીખ :– **૦૫/૦૭/૨૦૨૫**
નિકાલ તારીખ :– **૦૭ /૦૩/૨૦૨૬**
સમય ગાળો :– વર્ષ ૦ માસ ૮ દિવસ ૩

## ધ્રાંગધ્રાના મહે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ–ધ્રાંગધ્રા.

**સેસન્સ કેસ નં. ૧૭/૨૦૨૫**

**આંક :– ૭૨**

ફરીયાદી:– શ્રી સરકાર

**–વિરુધ્ધ –**

આરોપી:– મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા,
ઉ.વ.આ. ૨૯, ધંધો–ખેતી,
રહે. નરશીપરા – ધ્રાંગધ્રા,
જી. સુરેન્દ્રનગર.

**ગુનો :–** ઈ. પી. કો. ની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨), આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટ ની કલમ – ૧૩૫ મુજબ.

ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રી પી. બી. મકવાણા.
આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એમ. વી. ઉપાધ્યાય.

## :: જજમેન્ટ ::

**૧.** આ કામના હાલના આરોપી તથા અન્ય આરોપીઓની વિરૂધ્ધ ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર્ડ નંબર – ૪૧/૨૦૧૩ થી ઈ. પી. કો. ની કલમ –

૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુના દાખલ થયેલ છે.

૨. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી – પીપળજ, તા.જી. અમદાવાદ થી નીકળી બાવળી ગામે નવરાત્રીના આઠમના તહેવારમાં માતાજીના દર્શને નૈવેધ કરવા જતા હતા ત્યારે ધ્રાંગધ્રા નરશીપરા વિસ્તારમાંથી જતા સાહેદ – મેરાભાઈ ત્યાં પહોંચતા તે જગ્યાએ સાત થી આઠ આરોપીઓ લાકડી, ધારીયા લઈને આવી ફરીયાદીને ગાળો બોલી આરોપી – મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા તથા વાસુભાઈ ગોરધનભાઈ રાવળે હવામાં ફાયરીંગ કરી ફરીયાદીનો નોકીયા મોબાઈલ કિંમત રુા. ૫,૦૦૦/– તથા સોનાનો ચેઈન કિંમત રુા. ૯,૦૦૦/– ગળામાંથી ખેંચી લઈ ફરીયાદીને ડાબા ખભા ઉપર ધારીયાનો ઉંધો ઘા કરી લાકડી તથા ઢીકાપાટુનો મુઢ માર મારી સાહેદ – ધારાભાઈ ભવાનભાઈને સાથળ તથા મોઢા ઉપર મુઢ માર મારી લાવા કંપનીનો મોબાઈલ ફોન રુા. ૧૦,૦૦૦/– તથા સોનાની ચેઈન કિંમત રુા. ૧,૦૦,૦૦૦/– ગળામાંથી ખેં ચી લઈ તથા સાહેદ – મેરાભાઈ ખેતાભાઈને જમણા પગે તલવારના ઘા કરી સોનાની ચેઈન કિંમત રુા. ૧,૫૦,૦૦૦/– નો ગળામાંથી ખેંચી લઈ લુટ કરી તેમજ અન્ય આરોપીઓ એ લાકડી તથા ધારીયા વતી ફરીયાદી તથા સાહેદોને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ઈ. પી. કો. ની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧) બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબ નો શિક્ષાપાત્ર ગુનો કર્યા અં ગેની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા આરોપીઓ વિરૂધ્ધ ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નંબર – ૪૧/૨૦૧૩ ગુનો રજીસ્ટર કરવામાં આવેલો.

3. ફરીયાદીની ફરીયાદના અનુસંધાને ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ગુના રજી.

નંબર – ૪૧/૨૦૧૩ થી ગુનાની ફરીયાદ દાખલ કર્યા બાદ તપાસ કરનાર પોલીસ અધિકારી એ તપાસ હાથ ધરી, તપાસ દરમ્યાન આરોપીઓ સામે ઈ. પી. કો. ની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો ગુનો બનવા પામતો હોઈ હાલના આરોપીને અટક કરી તેઓની વિરૂધ્ધ તપાસ દરમ્યાન પુરતો પુરાવો મળી આવતા ધ્રાંગધ્રાના એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રટશ્રી સમક્ષ ફોજદારી કેસ નંબર : ૪૬૬/૨૦૧૬ થી ચાર્જશીટ રજુ કરતા આરોપી સામેના ઈ. પી. કો. ની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧) બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ધ્રાંગધ્રાના એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી નાં ઓએ રહેલી ન હોય ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ – ૨૦૯ અન્વયે ધ્રાંગધ્રાના મહે. એડી. સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં કમીટ થઈ આવતાં જેને સેશન્સ કેસ નં . ૧૭/૨૦૨૫ થી ક્રિમીનલ રજીસ્ટરે નોંધવામાં આવેલો છે. આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા કરેલ ચાર્જશીટ માં આ સિવાયના અન્ય આરોપીઓની વિરૂધ્ધ જે તે સમયે ચાર્જશીટ ફાઈલ કરી દીધેલ હોવાનું જણાવેલ છે તેમજ આરોપીઓ ઘનશ્યામભાઈ મગનભાઈ દલવાડી, વાસુદેવભાઈ ગોરધનભાઈ રાવલ અને ભુપત ઉર્ફે ભોલો જીવરાજભાઈ દલવાડીનાંઓને ફરારી આરોપી તરીકે બતાવેલ છે. આ કામે એ નોંધવું જરૂરી જણાય છે કે, સદર ગુનાના કામે અન્ય આરોપીઓ તેમજફરારી આરોપી – ઘનશ્યામ મગનભાઈ દલવાડી નાંઓની વિરૂધ્ધના કેસો અનુક્રમે સેસન્સ કેસ નં. ૧૯/૨૦૧૫, ૧૯/૨૦૧૬ તેમજ ૨/૨૦૨૦ ના તા. ૧૩/૧૧/૨૦૨૫ ના રોજ ફેંસલ થયેલા છે.

**૪.** ત્યારબાદ આરોપી સામેના ઉપરોકત સેશન્સ કેસ ધ્રાંગધ્રાના મહે. એડી શ્નલ સેશન્સ જજ સાહેબ સમક્ષ ચાલવા માટે આવતા આરોપી જામીન મુકત હોય, આરોપી તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર થતા આંક – ૦૯ થી

તહોમતનામું ફરમાવી આંક – ૧૦ થી આરોપીનો જવાબ નોંધતા ગુનાનો ઈન્કાર કરતા આરોપી સામેના ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા આદેશ કરેલો.

**૫.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૦ અને આંક–૪૨ થી દસ્તાવેજી આધાર પુરાવા લીસ્ટ રજુ રાખેલ છે અને જેને આંકે પાડવા સંબંધે અનુક્રમે આંક–૨૧ અને આંક–૪૩ થી અરજી રજુ રાખેલ છે જે લગત વિગતવારનો હુકમ કરી સદરહુ માર્ક–૨૦/૧ થી માર્ક–૨૦/૧૭ તેમજ માર્ક–૪૨/૧ થી માર્ક–૪૨/૨૨ ના દસ્તાવેજી આધાર પુરાવાઓને આંક આપવાનો હુકમ કરેલ છે. વધુમાં આંક–૩૯ આરોપી તરફે પુરસીસથી ઉપરોકત આધાર પુરાવાઓ આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો તકરાર નહીં હોવાનું જાહેર કરેલ છે.

**૬.** ફરીયાદપક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે.

**<u>મૌખીક પુરાવા</u> ::–**

| અનુ. નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| સા. ૦૧ | પંચ સાહેદ – ધર્મેશભાઈ રામજીભાઈ સોનગ્રા (આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ ) | ૧૪ |
| સા. ૦૨ | પંચ સાહેદ – જીતેન્દ્રભાઈ ખેંગારભાઈ પરમાર (આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ ) | ૧૭ |
| – | પંચ સાહેદ – નિઝામ ઈસ્માઈલભાઈ લોલાડીયા (બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ ) | ૨૨ |
| – | પંચ સાહેદ – લાખાભાઈ ઈસાભાઈ માણેક (અટક પંચનામાના પંચ સાહેદ) | ૨૩ |
| – | પંચ સાહેદ – ભાવેશભાઈ કિશોરભાઈ શેઠ (મુદ્દામાલ હથીયાર લાકડી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ) | ૨૪ |
| – | પંચ સાહેદ – રમેશભાઈ રસીકભાઈ કણઝરીયા (મુદ્દામાલ હથીયાર લાકડી કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ) | ૨૫ |
| – | પંચ સાહેદ – અનીલભાઈ લલીતભાઈ રાઠોડ (અટક તેમજ | ૨૬ |

| | | |
|---|---|---|
| | હથીયાર કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ) | |
| – | પંચ સાહેદ – હીરાભાઈ દેવશીભાઈ ભરવાડ (આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ) | ૨૭ |
| – | પંચ સાહેદ – ગુલામરસુલ ઈશાકભાઈ પીરજાદા (આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ) | ૨૮ |
| – | પંચ સાહેદ – જયદીપસિંહ વજુભા ઝાલા (મુદ્દામાલ હથીયાર ધારીયુ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદ ) | ૨૯ |
| – | સાહેદ – ડો. સંગીતા અરૂણકુમાર પ્રસાદ (ધ્રાંગધ્રા સી.એચ.સી. ના મેડીકલ ઓફિસર) | ૩૦ |
| – | સાહેદ – ગીરધરભાઈ હમીરભાઈ રાઠોડ (ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ના પી.એસ.ઓ.) | ૩૧ |
| – | સાહેદ – વિજયભાઈ સુરેશભાઈ મેવાડા | ૩૨ |
| – | પંચ સાહેદ – ઈમ્તીયાઝભાઈ ઈસમભાઈ મકવાણા (બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ ) | ૩૩ |
| – | પંચ સાહેદ – અશોકભાઈ ધનજીભાઈ ગોહીલ (આરોપીની શરીર સ્થિતિના પંચનામાના પંચસાહેદ) | ૩૪ |
| – | સાહેદ – મેરાભાઈ ખેતાભાઈ ભરવાડ | ૩૫ |
| – | સાહેદ – ધારાભાઈ ભવાનભાઈ ભરવાડ | ૩૬ |
| – | સાહેદ – દિલીપભાઈ બ્રીજલાલભાઈ વળવી (ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. પી.એસ.આઈ./ફરીયાદીની ફરીયાદ નોંધનાર) | ૩૭ |
| – | સાહેદ – વિક્રમસિંહ અજીતસિંહ પરમાર (ધ્રાંગધ્રા મામલતદાર કચેરીના એમ.એ.જી. કલાર્ક) | ૩૮ |
| – | ફરીયાદી – અમરતભાઈ રેવાભાઈ ભરવાડ | ૫૮ |
| – | સાહેદ – વિક્રમસિંહ અજીતસિંહ પરમાર (ધ્રાંગધ્રા મામલતદાર કચેરીના એમ.એ.જી. કલાર્ક) | ૬૦ |
| – | સાહેદ – ભીમજીભાઈ ભાણજીભાઈ ભગોરા (સુ.નગર એલ.સી.બી. પી.આઈ. / તપાસનીશ અમલદાર) | ૬૨ |
| – | સાહેદ – ચંદનસિંહ કમજી ખરાડી (ધ્રાંગધ્રા સીટી પી.એસ.આઈ./તપાસનીશ અમલદાર) | ૬૩ |
| – | પંચ સાહેદ – હીરાભાઈ દેવશીભાઈ ભરવાડ (આરોપીની | ૬૪ |

| | | |
|---|---|---|
| | શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચસાહેદ) | |
| – | સાહેદ – ગીરધરભાઈ હમીરભાઈ રાઠોડ (ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ના પી.એસ.ઓ.) | ૬૫ |
| સા. ૦૩ | સાહેદ – અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ પટેલ (ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે., તપાસનીશ અમલદાર) | ૬૯ |

**<u>દસ્તાવેજી પુરાવા::–</u>**

| અનુ.નં. | દસ્તાવેજી પુરાવાનુ વર્ણન | આંક |
|---|---|---|
| ૧ | આરોપી–મયુરધ્વજસિંહ ઉર્ફ લાલભા મેરૂભા ઝાલાને ગુનાનાં કામે અટક કર્યાનું પુચનામું | ૧૫ |
| ૨ | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૪૪ |
| ૩ | આરોપી–અલ્તાફ ઉર્ફે મુન્નો હસમભાઈ સૈય દ ને સી.આર.પી.સી. કલમ–૪૧(૧)આઈ મુજબ ગુનાનાં કામે અટક કર્યાનું પંચનામું | ૪૫ |
| ૪ | આરોપી–ધર્મેન્દ્રસિંહ ઉર્ફે ધમભા જયેન્દ્રસિંહ પરમારે મુદ્દામાલ લાકડી પોતાના ભાડાના મકાને હોવાનું જણાવતા મકાનમાંથી રીકવર કર્યાનું પંચનામું | ૪૬ |
| ૫ | આરોપી–ગૌતમભાઈ ભલજીભાઈ જાદવ દલવાડી તેમજ આરોપી – વિશાલભાઈ રમેશભાઈ રાઠોડ રજપુતને ગુનાનાં કામે મુદ્દામાલ હથીયાર સાથે અટક કર્યાનું પંચનામુ | ૪૭ |
| ૬ | સુ.નગર એલ.સી.બી. પોલીસે આરોપી–વિષ્ણુભાઈ નવિનભાઈ પટેલને પકડેલ હોય તેની શરીર સ્થિતિનું તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાનું પંચનામું | ૪૮ |
| ૭ | આરોપી–વિષ્ણુભાઈ નવિનભાઈ પટેલે મુદ્દામાલ ધારીયુ પોતાના મકાને હોવાનું જણાવતા મકાનમાંથી રીકવર કર્યાનું પંચનામું | ૪૯ |
| ૮ | ઈજા પામનાર – મેરાભાઈ ખેતાભાઈ ભરવાડનું સારવાર સર્ટિફિકેટ | ૫૦ |
| ૯ | ફરીયાદી – અમરાભાઈ રેવાભાઈનું સારવાર સર્ટિફિકેટ | ૫૧ |
| ૧૦ | ફરીયાદી – અમરાભાઈ રેવાભાઈનાં એમ.એલ.સી. કેસ પેપર્સ | ૫૨ |
| ૧૧ | ઈજા પામનાર – ધારાભાઈ ભવાનભાઈ ભરવાડનું | ૫૩ |

| | | |
|---|---|---|
| | સારવાર સર્ટિફિકેટ | |
| ૧૨ | ઈજા પામનાર–ધારાભાઈ ભવાનભાઈ ભરવાડનાં એમ.એલ.સી. કેસ પેપર્સ | ૫૪ |
| ૧૩ | ફરીયાદી–અમરાભાઈ રેવાભાઈની ફરીયાદ | ૫૫ |
| ૧૪ | ફરીયાદીની ફરીયાદ આધારે નોંધાયેલ એફ.આઈ.આર. | ૫૬ |
| ૧૫ | સ્ટેશન ડાયરી એન્ટ્રી નં. ૧૬ નો ઉતારો | ૫૭ |
| ૧૬ | સુ.નગર એલ.સી.બી. પોલીસે આરોપી–અલ્તાફ ઉર્ફે મુન્નો હાસમભાઈ સૈયદને પકડેલ હોય તેની શરીર સ્થિતિનું પંચનામું | ૫૯ |
| ૧૭ | હથીયાર બંધીનું જાહેરનામું | ૬૧ |

**૭.** સદરહુ કામે ફરીયાદ પક્ષનો ઉપરોકત પુરાવો રજુ થયા બાદ ફરીયાદ પક્ષ દ્વારા આંક – ૭૦ થી ક્રોપ પુરસીસ તેમજ આંક–૭૧ થી કલોઝીંગ પુરસીસ રજુ રાખવામાં આવેલ છે. આમ, ફરીયાદ પક્ષ દ્વારા વધુ કોઈ પુરાવો ન હોય આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૩૧૩ અન્વયે વિશેષ નિવેદનો લેવામાં આવેલ છે તેમાં આરોપીએ ફરીયાદ પક્ષે રજુ રાખેલ તમામ પુરાવાની હકીકતનો ઈન્કાર કરી તેઓએ બચાવના સાક્ષી તપાસેલા નથી કે સોગંદ પર જુબાની આપવા માંગતા ન હોવાનુ જણાવી વિશેષમાં તેઓ ઉપર ખોટો કેસ કરવામાં આવેલ છે તેઓ નિર્દોષ છે તેવું જણાવેલ છે.

૮. ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિધ્વાન એ. પી. પી. શ્રી પી. બી. મકવાણાની તેમજ આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી એમ. વી. ઉપાધ્યાયનાંઓની દલીલો સાંભળી.

**૮/૧.** ફરીયાદપક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી પી. બી. મકવાણા દ્વારા એવી દલીલ કરવામાં આવેલી છે કે, આ કેસમાં આરોપીઓ સામે ભારતીય દંડ સહીતાની કલમ –

૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુનાનું તહોમતનામુ આ કામના આરોપી સામે ફરમાવવામાં આવેલ છે. ફરીયાદપક્ષ ધ્વારા આ કેસમાં આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે આ કામે ઈજા પામનાર સાહેદો, પંચ સાહેદો, બનાવ નજરે જોનાર સાહેદો તેમજ પોલીસ સાહેદો અને મેડીકલ ઓફિસરશ્રી વિગેરેને તપાસવામાં આવેલ છે અને આ સાહેદો પૈકી ફરીયાદી તેમજ અન્ય બનાવના નજરે જોનાર સાહેદોએ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સર્મથનકારી પુરાવો આપેલ છે અને જે પુરાવાને મેડીકલ એવીડન્સથી પણ સર્મથન મળે છે તેમજ પોલીસ સાહેદોએ પણ તેમની તપાસની કામગીરી દરમ્યાન કરેલ કામગીરીમાં કેસની હકીકતોને સર્મથનકારક કામગીરી અંગેનો પુરાવો રેકર્ડ પર આવેલ છે. આમ, તમામ રેકર્ડ પર આવેલ પુરાવાઓની હકીકતો ધ્યાને લેતાં આરોપીઓ સામે ફરીયાદ પક્ષ ધ્વારા ગુનો પુરવાર થતો હોય આરોપીને નશ્યત કરવા રજુઆત કરેલ છે.

૮/૨. આ કામે આરોપી પક્ષે વિધ્વાન વકીલ શ્રીઓએ દલીલો કરતાં જણાવેલ છે કે ફરીયાદ પક્ષ ધ્વારા આરોપી સામે જે ગુનાનો આક્ષેપ છે અને જે સંબંધે નામદાર કોર્ટ ધ્વારા આરોપી સામે જે તહોમતનામા ફરમાવવામાં આવેલ છે તે સંબંધે મહત્વ ના સાહેદો ઈજા પામનાર નાંઓએ જ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સર્મથન કરેલ નથી તપાસનીશ અમલદાર ધ્વારા પણ આરોપીની ઓળખ પરેડ કરાવવામાં આવેલ નથી તેમજ ફરીયાદની હકીકતોએ હથીયારો રીકવર કરવામાં આવેલ નથી. આમ, આરોપીને આ ગુનાનાં કામે ખોટી રીતે સંડોવી દીધેલ છે અને આરોપી સામે ગુના સંબંધેનો લેશમાત્ર પણ પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ ઉભુ કરેલ છે. આમ, આરોપી સામે ફરીયાદ પક્ષ કેસ પુરવાર કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

૯. આ કામે ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો તેમજ બંને પક્ષકારોના વિધ્વાન

વકીલશ્રીઓની દલીલો લક્ષમાં લેતા હાલના કેસમાં ન્યાયી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

// **મુ દ્દા ઓ** //

૧. શું ફરીયાદપક્ષ નિ: શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા રીખ ૧૨/૧૦ /૨૦૧૩ નાં રોજ આશરે કલાક : ૧૧/૦૦ વાગ્યે આ કામના ફરીયાદી – પીપળજ, તા. જી. અમદાવાદ થી નીકળી બાવળી ગામે નવરાત્રીના આઠમના તહેવારમાં માતાજીના દર્શને નૈવેદ્ય કરવા જતા હતા ત્યારે ધ્રાંગધ્રા નરશીપરા વિસ્તારમાંથી જતા સાહેદ – મેરાભાઈ ત્યાં પહોંચતા તે જગ્યાએ સાત થી આઠ હાલના આરોપી તેમજ અન્ય આરોપીઓ લાકડી, ધારીયા લઈને આવી ફરીયાદી ને ગાળો બોલી હાલના આરોપી – મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા તથા અન્ય આરોપી – વાસુભાઈ ગોરધનભાઈ રાવળે હવામાં ફાયરીંગ કરી ફરીયાદીનો નોકીયા મોબાઈલ કિંમત રુા. ૫,૦૦૦/– તથા સોનાનો ચેઈન કિંમત રુા. ૯,૦૦૦/– ગળામાંથી ખેંચી લઈ ફરીયાદીને ડાબા ખભા ઉપર ધારીયાનો ઉંધો ધા કરી લાકડી તથા ઢીકાપાટુનો મુઢમાર મારી સાહેદ – ધારાભાઈ ભવાનભાઈને સાથળ તથા મોઢા ઉપર મુઢ માર મારી લાવા કંપની નો મોબાઈલ ફોન રુા. ૧૦,૦૦૦/– તથા સોનાની ચેઈન કિંમત રુા. ૧,૦૦,૦૦૦/– ગળામાંથી ખેંચી લઈ તથા સાહેદ – મેરાભાઈ ખેતાભાઈને જમણા પગે તલવારના ઘા કરી સોનાની ચેઈન કિંમત રુા. ૧,૫૦,૦૦૦/– નો ગળામાંથી ખેંચી લઈ લુટ કરી તેમજ અન્ય આરોપીઓ એ લાકડી તથા ધારીયા વતી ફરીયાદી તથા સાહેદોને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીએ ઈ. પી. કો. ની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪,

૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૧૦.** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**મુદ્દા નં. ૧ :–**

**૧૧.** ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત તેમજ ભારતીય પુરાવા ધારાની જોગવાઈઓ મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનુ તહોમત નિ:શંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન અદાલત માટે ફરજીયાત હોય છે. બીજા શબ્દોમાં, આરોપી સામેનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવાનો બોજો કાયદાથી ફરીયાદપક્ષ ઉપર લાદવામાં આવેલ છે. એ સ્થાપિત છે કે, ફરીયાદપક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો હંમેશા તેનો લાભ આરોપીને મળવા પાત્ર બને છે. ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષના પુરાવામાં નાની–નાની ક્ષતિઓ અથવા તો તપાસના કામમાં નાની – મોટી વિસંગતતાઓ આવવાની શકયતા હોઈ શકે પરંતુ તેથી ફરીયાદ પક્ષનો કેસ ફેંકી દઈ શકાય નહીં તેમજ ફરીયાદપક્ષના એક માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી ફરીયાદ પક્ષનો કેસ માની શકાય નહીં તેવો કાયદામાં કોઈ પ્રતિબંધ નથી પરંતુ તે અંગે અમુક સિધ્ધાંતો છે કે ફરીયાદી તટસ્થ, વિશ્વાસપાત્ર, ભરોસાપાત્ર અને માની શકાય તેવી જુબાની આપતા હોય તો જ માત્રને માત્ર ફરીયાદીની જુબાની ઉપરથી આરોપી વિરૂધ્ધનો કેસ માની શકાય અને જયારે બનાવ જાહેરમાં બન્યો હોય અથવા

તો બનાવ સમયે સાથે બીજા સાહેદો હોય તો સ્વભાવીક રીતે ફરીયાદીની જુબાની સાથે સમર્થનકર્તા સાહેદની જુબાની હોવી જરૂરી છે.

**૧૨.** આ કામમાં આરોપી સામે ભારતીય દંડ સહીતાની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના મુખ્ય આરોપો છે, સદર આરોપી સામેના આરોપો પુરવાર કરવા ફરીયાદપક્ષે બનાવમાં ઈજા પામનાર ફરિયાદી – અમરતભાઈ રેવાભાઈ ભરવાડનાંઓએ તેમનો પુરાવો આંક – ૫૮ થી રજૂ કરેલ છે જેમાં તેઓએ જણાવેલું છે કે, બનાવ આશરે ત્રણ વર્ષ પહેલા બનેલો તારીખ કે મહીનો મને યાદ નથી બનાવ સમયે હું અને મારો ભત્રીજો ધારાભાઈ બાઈક લઈને અમદાવાદ થી બાવળી આઠમના દર્શન કરવા માટે જતા હતા તે દિવસે સવારના દશ – સાડા દશ વાગ્યાના સુમારે આઠ – દશ માણસોએ અમોને બાવળી અને ધ્રાંગધ્રાની વચ્ચે આડા ફરીને ઉભા રાખેલા અને કહેલુ કે કયાંથી આવ્યા છો અને કયાં જવાનુ છે એમ કહી તેઓ ધોલ–ધપાટ કરી મારવા લાગેલા જેથી મે કહેલુ કે અમારો વાંક શું છે ? શું કામ મારો છો ? અને જે લોકોએ અમોને ઉભા રાખેલા તેઓએ કહેલ કે તુ ભરવાડ છે એટલે તને મારવાનો છે તેમ કહી મારવા લાગેલા અને ઝપાઝપીમાં સાડા ચાર તોલાનો સોનાનો દોરો જે મારા ગળા માં પહેરેલો હતો તે તુટી ગયો કે લઈ ગયા તેની મને ખબર નથી તે આજસુધી મળેલ નથી અને મારી પાસે સેમસંગ અને નોકીયા કંપનીનો મોબાઈલ હતો અને મારા ભત્રીજા પાસે સેમસંગ કંપનીનો રુા. ૧૨,૦૦૦/– નો ફોન હતો તે ઝપાઝપીમ પડી ગયેલો કે લઈ ગયેલા તેની મને ખબર નથી. વધુમાં ફરીયાદી જણાવે છે કે, મારા ભત્રીજા ને મોઢા પર માર મારેલ હોય ઈજા થયેલી, મને મુઢ માર મારેલો હું અને મારા ભત્રીજા એ બનાવમાં ઈજા થતા ધ્રાંગધ્રા સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધેલી, આ બનાવ શા માટે બનેલો તેની મને ખબર નથી આ બનાવ અગાઉ બે દિવસ પહેલા ધ્રાંગધ્રા ગામમાં ભરવાડ અને દરબારો વચ્ચે મારા મારી થયેલ તે કારણસર બનેલો બીજુ શું બનેલું તે મને યાદ નથી. વધુમાં ફરીયાદી

એમ પણ જણાવે છે કે બનાવ વખતે રાવલ જેના નામની મને ખબર નથી તેના હાથમાં રીવોલ્વર હતી તે રીવોલ્વર મારા કાન પટ્ટી પર મુકેલી અને તેઓની પાસે ડંડા ઓ હતાં, મારી સાથે મારકુટ કરનાર લોકો ને હું જોયેથી ઓળખી શકુ છું તેમ જણાવી અદાલતમાં હાજર આરોપીઓ પૈકી આરોપી – અલ્તાફ તેમજ ધર્મેન્દ્ર તરફ આંગળીનો ઈશારો કરી ઓળખી બતાવે છે અને તે સિવાયનાંઓને ઓળખતો નથી તેમ જણાવે છે. ફરીયાદી બનાવ અંગેની ફરીયાદ આપેલ તેમ જણાવી ફરીયાદ પરની પોતાની સહી ઓળખી બતાવે છે. ફરીયાદ પક્ષે ફરીયાદીની ફરીયાદ આંક–૩૬ થી રજુ થયેલ છે જે હાલના કામે આંક–૫૫ થી રજુ રાખેલ છે તેમજ મુદ્દામાલ લાકડીઓ બતાવતા ઓળખી શકુ નહીં અને રીવોલ્વર બતાવવામાં આવે તો ઓળખી શકુ નહીં પરંતુ તે કોની પાસે હતી હું કહી શકું.

**૧૨/૧.** આ ઈજાપામનાર / ફરીયાદીની આરોપી તરફે કરેલી ઉલટતપાસમાં આ ઈજા પામનાર / ફરીયાદીએ એવું જણાવેલું છે કે, મારૂ નામ અમરાભાઈ ઉર્ફે અમરતભાઈ છે અને સ્વીકારે છે કે, મારૂ નામ અમરતભાઈ ઉર્ફે અમરાભાઈ છે તે આજ પહેલીવાર કોર્ટમાં લખાવું છું, મે અમરાભાઈ મારૂ નામ કોઈ જગ્યાએ લખાવેલ નથી તમામ દસ્તાવેજોમાં મારૂ નામ અમરતભાઈ છે, ધારાભાઈ મારો સગો ભત્રીજો નથી, અમરતભાઈ રેવાભાઈ તરીકે મે પોલીસ પેપર્સમાં સહી કરેલ નહીં કે મે કોઈ વસ્તુ જાહેરાત કરેલ નથી, આજે હું ટીશર્ટ અને વાદળી કલરનુ જીન્સનું પેન્ટ પહેરીને આવ્યો છું જેનાથી એવુ લાગતુ નથી કે હું ભરવાડ જ્ઞાતિનો છું. વધુમાં સદર ઈજા પામનાર / ફરીયાદી એમ પણ સ્વીકારે છે કે મે મારી ફરીયાદ માં આ બનાવ અગાઉ બે દિવસ પહેલા ધ્રાંગધ્રા ગામમાં ભરવાડ અને દરબારો વચ્ચે મારા મારી થયેલી તે કારણસર બનેલો ની હકીકત લખાવેલ નથી, રીવોલ્વર, બંદુક અને તમંચો અલગ અલગ પ્રકારના હથીયારો છે, બનાવના દિવસે હું અમદાવાદ થી બાવળી સુધી અને બાવળી થી અમદાવાદ મારા ઘરે પહોંચ્યો ત્યાં સુધી અસંખ્ય માણસોને જોયેલા, બનાવ ના દિવસે જે જે માણસોને જોયેલા

તે તમામને ઓળખી શકુ નહીં, બનાવ પછી પોલીસે મારી સાથે ઝઘડો કરનાર લોકોને ઉભા રાખીને એકઝી.મેજી. રૂબરૂ ઓળખ પરેડ કરાવેલ નથી, પોલીસ સ્ટેશનમાં આરોપીઓને બોલાવી મારી હાજરીમાં અને મારી રૂબરૂમાં કોઈ ઓળખ પરેડ મારી સાથે ઝઘડો કરનારની કરાવેલ નથી. વધુમાં ઈજા પામનાર / ફરીયાદી જણાવે છે કે મારૂ મુળ વતન થાન જોડે નવાગામ છે, રામાભાઈ ભીમાભાઈ ભરવાડ નવાગામ વાળાને હું ઓળખતો નથી અને સ્વીકારે છે કે બાવળી મારૂ વતન કે ગામ નથી અમારૂં મંદિર છે મારી અટક રાણગા છે બાવળી ગામના ભરવાડો રાણગા – કાટોડીયા વિગેરે અટક ધરાવે છે બાવળી ગામમાં શકિત માતાના મંદિરે દર્શન કરવા જતા હતાં અને કબુલ રાખે છે કે ગામોમાં જે તે જાતના લોકોના માતાના મઢ હોય છે જે તે માતાજીના નિવેદન અને કર જે તે માતાના મઢ અને જે તે ગામમાં જઈને કરવાના થાય છે. વધુમાં ફરીયાદી / ઈજા પામનારને ફરીયાદમાં જે નામો લખાવેલ તે મે બીજા લોકોના કહેવાથી લખાવેલા તેવો સવાલ પુછતાં જવાબમાં જણાવે છે કે સાચી વાત છે અને એમ પણ સ્વીકારે છે કે મે ફરીયાદમાં જે લોકોના નામ લખાવેલા તે ભરતભાઈ ભારૂભાઈ મેવાડા અને વિજય સુરેશભાઈ મેવાડા નાંઓએ લખાવેલા.

**૧૩.** ફરીયાદપક્ષે આંક – ૧૪ થી પંચ સાહેદ – ધર્મેશભાઈ રામજીભાઈ સોનગ્રા નાંઓને તેમજ આંક – ૧૭ થી પંચ સાહેદ – જીતેન્દ્રભાઈ ખેંગારભાઈ પરમાર નાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં અનુક્રમે જણાવેલું છે કે, આજથી આશરે દશેક વર્ષ પહેલા હું શાકમાર્કેટમાં જતો હતો ત્યારે પોલીસે લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા મે સહી કરેલી આ સિવાય હું બીજું કશુ જાણતો નથી, મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે મારી સહી છે જે આંક – ૧૫ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં સદર પંચસાહેદો એમ પણ જણાવે છે કે એવુ બનેલ નથી કે મે સહી કરી ત્યારે પોલીસે મારી હાજરીમાં કોઈ ઈસમને કોઈ ગુનાના કામે અટક કરેલો હોય, મને કોઈ આરોપી બતાવવામાં આવે તો પણ હું ઓળખી શકુ

નહીં.

**૧૩/૧.** સદરહું પંચ સાહેદોને ફરીયાદપક્ષે વિ. એ.પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશ માત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૧૪.** ફરીયાદપક્ષે આંક – ૨૨ થી પંચ સાહેદ – નિઝામ ઈસ્માઈલભાઈ લોલાડીયા તેમજ આંક – ૩૩ થી પંચ સાહેદ – ઈમ્તીયાઝભાઈ ઈસબભાઈ મકવાણા નાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં અનુક્રમે જણાવેલું છે કે, તા. ૧૩/૧૦/ ૨૦૧૩ ના રોજ મને ધ્રાંગધ્રા તાલુકા પો.સ્ટે. કોઈ પંચમાં રહેવા બોલાવેલ નથી – હું પોલીસ સાથે કોઈ જગ્યાએ ગયેલ નથી અને સાહેદ ભુપતભાઈ કાળુભાઈ ડાભીએ મારી હાજરીમાં ધ્રાંગધ્રા કોંઢ રોડ પર આવેલ માધુભાઈ અંબારામભાઈ પટેલના ઉમીયા ગેરેજની સામે ગયેલ નથી / હું અને બીજા પંચ કોઈ જગ્યાએ ગયેલા નથી પરતુ પોલીસે પો.સ્ટે. માં મારી સહી લીધેલી, મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે મારી સહી છે જે આંક–૧૧ થી રજુ થયેલ છે અને હાલના કામે આંક–૪૪ થી રજુ કરવામાં આવેલ છે.

**૧૪/૧.** સદરહું પંચ સાહેદોને ફરીયાદપક્ષે વિ. એ.પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશ માત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૧૫.** ફરીયાદપક્ષે આંક – ૨૩ થી પંચ સાહેદ – લાખાભાઈ ઈસાભાઈ માણેક નાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તા. ૧૮/૦૩/૨૦૧૫ નાં રોજ પોલીસે મને રોડ પર જતો હતો ત્યારે બોલાવી પંચનામામાં સહી કરવાનું કહેતા મે પંચનામામાં સહી કરેલી પંચનામું શેનું હતુ તેની મને ખબર નથી મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે જે આંક–૨૨ થી રજુ થયેલ છે અને હાલના કામે આંક–૪૫ થી રજુ કરવામાં આવેલ છે.

**૧૫/૧.** સદરહું પંચ સાહેદને ફરીયાદપક્ષે વિ. એ.પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૧૬.** ફરીયાદપક્ષે આંક – ૨૪ થી પંચ સાહેદ – ભાવેશભાઈ કિશોરભાઈ શેઠ તથા આંક–૨૫ થી પંચ સાહેદ–રમેશભાઈ રસીકભાઈ કણઝરીયા નાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તા. ૦૬/૦૧/૨૦૧૬ ના રોજ પોલીસે મને પંચમાં બોલાવેલો પણ કયા બોલાવેલો તે હાલમાં યાદ નથી મને પંચમાં બોલાવી પંચનામા માં સહી કરવાનું કહેતા મે સહી કરેલી પંચનામું શેનું હતુ તેની મને ખબર નથી મને અસલ પંચ નામુ બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે મારી સહી છે જે આંક–૨૪ થી રજુ થયેલ છે અને હાલના કામે આંક–૪૬ થી રજુ કરવામાં આવેલ છે.

**૧૬/૧.** સદરહું પંચ સાહેદોને ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને લેશમાત્ર પણ સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૧૭.** ફરીયાદપક્ષે આંક – ૨૬ થી પંચ સાહેદ – અનીલભાઈ લલીતભાઈ રાઠોડનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તા. ૧૮/૦૧/૨૦૧૬ ના રોજ હું મારા ઘર પાસેથી લારી લઈને નીકળેલો અને ત્યાં પોલીસવાળા એ મને સહી કરવાનું કહેતા મે સહી કરેલી મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે જે આંક–૨૯ થી રજુ થયેલ છે અને હાલના કામે આંક–૪૭ થી રજુ કરવામાં આવેલ છે.

**૧૭/૧.** સદરહું પંચ સાહેદને ફરીયાદપક્ષે વિ. એ.પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશમાત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૧૮.** ફરીયાદપક્ષે આંક – ૨૭ થી (આંક–૬૪) પંચ સાહેદ – હીરાભાઈ દેવશીભાઈ ભરવાડ તેમજ આંક – ૨૮ થી પંચ સાહેદ – ગુલામરસુલ ઈશાકભાઈ પીરજાદા નાંઓને તપાસેલા છે અને તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તા. ૧૯/૦૨/૨૦૧૬ ના રોજ પોલીસે મને સહી કરવાનું કહેતા મે સહી કરેલી મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે મારી સહી છે જે આંક–૩૧ થી રજુ થયેલ છે અને હાલના કામે આંક–૪૮ થી રજુ કરવામાં આવેલ છે.

**૧૮/૧.** સદરહું પંચ સાહેદોને ફરીયાદપક્ષે વિ. એ.પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદોએ પંચનામાની

હકીકતને લેશ માત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદોની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૧૯.** ફરીયાદપક્ષે આંક – ૨૯ થી પંચ સાહેદ – જયદીપસિંહ વજુભા ઝાલા નાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, પોલીસે મને તથા બીજા પંચ અશોકભાઈ ધનજીભાઈ રજપુતને ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. માબોલાવેલ નથી અને અમો ચંગ સ્ટાર પાસે જતા હતા ત્યારે પોલીસે ઉભા રખાવીને એક તૈયાર પંચનામામાં સહી કરાવેલી મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકે મારી સહી છે જે આંક–૩૪ થી રજુ થયેલ છે અને હાલના કામે આંક–૪૯ થી રજુ કરવામાં આવેલ છે.

**૧૯/૧.** સદરહું પંચ સાહેદને ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશ માત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૨૦.** ફરીયાદપક્ષે આંક – ૩૦ થી મેડીકલ ઓફિસર સાહેદ – ડો. સંગીતા અરૂણકુમાર પ્રસાદનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તા. ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ હું મેડીકલ ઓફિસર તરીકે ધ્રાંગધ્રા સી.એચ.સી. ખાતે મારી ફરજ પર હાજર હતી તે દરમ્યાન મેરાભાઈ ખેતાભાઈ ભરવાડ, રહે. અમદાવાદ વાળા પોલીસ યાદી વગર મારી પાસે સારવાર માટે આવેલા જે અન્ય ઈજા પામનારની સાથે આવેલ હતા મે તેઓની શારીરિક તપાસણી કરતા તેમના જમણા પગે સાથળના ભાગે ઈન્સાઈડ વુંડ હતો સદરહુ ઈજા તાજી અને ધારદાર હથીયાર

વડે થઈ શકે તેવી હતી જો કોમ્પ્લીકેશન ઉભા ન થાય તો તે ઈજા દશ થી પંદર દિવસમાં રૂઝ આવજે તેવા પ્રકારની હતી. સદરહુ દર્દીનો એમ.એલ.સી. કેસ નં. ૫૨૧ /૨૦૧૩ અમારી હોસ્પિટલમાં કાઢવામાં આવેલો સદરહં દર્દીનું ઈન્જરી સર્ટીફિકેટ મને કોર્ટ રેકર્ડમાંથી બતાવવામાં આવે છે જે મારા સ્વહસ્તાક્ષરમાં છે તેની ખરી નકલ આંક –૩૯ થી રજુ રાખેલ છે અને તે હાલના કામે આંક–૫૦ થી રજુ થયેલ છે. વધુમાં સદર મેડીકલ ઓફિસર સાહેદ જણાવે છે કે, આ જ દિવસે અમરાભાઈ રેવાભાઈ રાબડા, રહે. અમદાવાદ વાળા મારી પાસે સારવાર માટે આવેલા આ દર્દીને ખભા પર ટેન્ડરનેશ અને એબ્રેઝન ૬ ઈંચ × ૦.૫ ઈંચના માપનું હતું સદરહુ ઈજા તાજી હતી અને તે સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી અને કોઈપણ પ્રકારના કોમ્પ્લીકેશન ઉભા ન થાય તો સાત થી દશ દિવસમાં રૂઝ આવજે તેવા પ્રકારની હતી. સદર દર્દીને તપાસણી બદલનું મે સર્ટીફિકેટ મારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલું તેની નીચે મારી સહી છે તેની ખરી નકલ આંક–૪૦ થી રજુ રાખેલ છે અને તે હાલના કામે આંક–૫૧ થી રજુ થયેલ છે તેમજ એમ.એલ.સી. કેસ પેપર્સ આંક–૫૨ થી રજુ થયેલ છે. વધુમાં સદર મેડીકલ ઓફિસર સાહેદ એમ પણ જણાવે છે કે, આ જ દિવસે દર્દી નામે ધારાભાઈ ભવાનભાઈ રાબડા, રહે. અમદાવાદ વાળા મારી પાસે સારવાર માટે આવેલા અને તેઓની શારીરિક તપાસણી કરતા તેમના ઉપરના હોઠ સુજન હતુ જે ઈજા તાજી હતી અને તે સખત અને બોથડ પદાર્થ વડે થઈ શકે તેવી હતી અને કોઈપણ પ્રકારના કોમ્પ્લીકેશન ઉભા ન થાય તો સાત થી દશ દિવસમાં રૂઝ આવજે તેવા પ્રકારની હતી. સદરહુ દર્દીને તપાસણી બદલનું મે સર્ટીફિકેટ મારા સ્વહસ્તાક્ષરમાં તૈયાર કરેલું તેની નીચે મારી સહી છે તેની ખરી નકલ આંક–૪૧ થી રજુ રાખેલ છે અને તે હાલના કામે આંક–૫૩ થી રજુ થયેલ છ તેમજ એમ.એલ.સી. કેસ પેપર્સ આંક–૫૪ થી રજુ થયેલ છે. દર્દી નામે મેરાભાઈ ખેતાભાઈને થયેલ ઈજા તલવાર જેવા હથીયારથી થઈ શકે તેવા પ્રકારની હતી, દર્દી નામે અમરભાઈ રેવાભાઈને થયેલ ઈજા લાકડી જેવા હથીયારથી થઈ શકે તેવા પ્રકાર ની હતી, દર્દી નામે ધારાભાઈ ભવાનાભાઈને થયેલ ઈજા હાથેથી મોઢા ઉપર ઢીકા

પાટુ મારવામાં આવે તો આવા પ્રકારની ઈજા થઈ શકે, મને મુદ્દામાલ આર્ટીકલ બે વાસની લાકડી અને ધારીયુ બતાવવામાં આવે છે જેનાથી દર્દીઓને ઈજા થઈ શકે તેવી હતી.

**૨૦/૧.** આ મેડીકલ ઓફિસર સાહેદની આરોપીઓ તરફે કરેલી ઉલટતપાસમાં આ મેડીકલ ઓફિસર સાહેદે એવું જણાવેલું છે કે, એ વાત ખરી છે કે આ કામે મે જે દર્દી નામે મેરાભાઈ ખેતાભાઈ, અમરાભાઈ રેવાભાઈ, ધારાભાઈ ભવાનભાઈને તપાસેલા તેમના ઈજા પ્રમાણપ્રો માં દર્દીઓને કયારે તપાસેલા અને દવાખાને કયારે આવેલા તે સમય અને કેસ હિસ્ટ્રી લખેલ નથી, મેરાભાઈના કેસ પેપર્સ હું લાવેલ નથી, મે આજરોજ હું દર્દી નામે અમરાભાઈ રેવાભાઈ, ધારાભાઈ ભવાનભાઈના એમ.એલ.સી. કેસ લાવેલ છું તેમા પણ દર્દીઓ કયારે હોસ્પિટલ માં આવેલા અને કયારે તપાસેલા તે સમય દર્શાવેલ નથી. એ વાત ખરી છે કે અમરાભાઈ રેવાભાઈના કેસ પેપર્સ આંક – ૪૦ એ માં દર્દીએ પોતાની ઉંમર ૨૫ વર્ષ અને પોતાનું ગામ પીપળજ જણાવેલ નથી, આંક–૪૦ એ માં તેમની ઉંમર ૨૦ વર્ષ અને પોતાનું ગામ અમદાવાદ જણાવેલ છે, અમરાભાઈને મે શું સારવાર આપેલી તેનો ઉલ્લેખ આંક–૪૦ માં કરેલ નથી. એ વાત ખરી છે કે આંક–૪૧ એ માં ધારાભાઈ ભવાનભાઈ ગામ પીપળજ અને ઉંમર ૨૫ વર્ષ દર્શાવેલ નથી, આંક–૪૧ એ માં ધારાભાઈ ભવાનભાઈ ઉં.વ. ૨૧ વર્ષ અને ગામ અમદાવાદ હોવાનું જણાવે છે. એ વાત ખરી છે કે આંક – ૩૯, ૪૦, ૪૧ ના ઈજા પ્રમાણપત્રો પોલીસ યાદી સાથે આવેલ હોય અને તે આપેલ હોય તેવું બનેલ નથી, આંક – ૩૯, ૪૦, ૪૧ ના ઈજા પ્રમાણપત્રોમાં મે સદરહુ દર્દીઓને ઢીકાપાટુ તથા તલવાર અને લાકડી જેવા હથીયારથી થઈ શકે તેવા અભિપ્રાય જણાવેલ નથી, ઉપરોકત દર્દીઓ ને થયેલ ઈજાઓ વાહન અકસ્માતમાં થઈ શકે અને નહીં પણ થઈ શકે. ત્રણ વ્યકિતઓ મોટર સાયકલ પર જતા હોય અને અકસ્માત થાય અને નીચે પડે તો આંક–૩૯, ૪૦, ૪૧ માં દર્શાવેલ ઈજાઓ થઈ શકે અને નહીં પણ થઈ શકે, કોઈ

માણસ સખત અને બોથડ પદાર્થ કે જમીન ઘસડાય તો થઈ શકે. એ વાત ખરી છે કે કોઈપણ વ્યકિત સખત અને બોથડ પદાર્થ વડે અથડાય તો જે શરીરે અથડાયો હોય ત્યાં સોજો પણ આવી શકે, ટેન્ડરનેશ દર્દીને તપાસણી વખતે જે તે અં ગને દબાવવાથી દર્દી દુ:ખાવાની ફરીયાદ કરે તો તે ટેન્ડરનેશ કહેવાય, ટેન્ડરનેશની ઈજા કાલ્પનીક પણ હોઈ શકે.

**૨૧.** ફરીયાદપક્ષે આંક – ૩૧ થી (આંક–૬૫) પી.એસ.ઓ. સાહેદ – ગીરધરભાઈ હમીરભાઈ રાઠોડનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તા. ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. માં કલાક : ૧૩/૦૫ થી કલાક : ૨૦/૦૦ સુધી પી.એસ.ઓ. ના ચાર્જમાં હતો તે દરમ્યાન પી.એસ.આઈ. શ્રી ડી. બી. વળવીએ ફરીયાદી – અમરાભાઈ રેવા ભાઈની સરકારી હોસિપટલે લીધેલ ફરીયાદ ગુનો દાખલ કરવા માટે મને આપેલી, મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૩૬ ની ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જેના આધારે મે ધ્રાં ગધ્રા સીટી ફર્સ્ટ ગુના રજી. નં. ૪૧/૨૦૧૩ થી કલમ–૧૫૪ ની એફ.આઈ.આર. ફાડેલી જેમાં પી.એસ.ઓ. તરીકે મારી સહી છે જે આંક–૪૩ થી રજુ થયેલ છે જે હાલના કામે આંક –૫૬ થી રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ઉપરોકત ગુનો નોંધ્યા બાદ અમે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૧૬ થી નોંધ કરેલી જે અસલ સ્ટેશન ડાયરીની નકલ આંક –૪૪ થી રજુ રાખેલ છે જે હાલના કામે આંક –૫૭ થી રજુ કરેલ છે અને સદરહુ ગુનો નોંધ્યા બાદ આગળની તપાસ અમોએ તાલુકા પી.એસ.આઈ. શ્રી એ. એમ. હરીપરા ને સોંપેલી આ સિવાય કોઈ કાર્યવાહી મે આ ગુનાનાં કામે કરેલ નથી.

**૨૧/૧.** આ પી.એસ.ઓ. સાહેદની આરોપીઓ તરફે કરેલી ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે, એ વાત ખરી છે કે આંક–૩૬ વાળી ફરીયાદ મને કેટલા વાગે મળેલી તે ટાઇમ નાંખેલો નથી, આંક–૩૬ વાળી ફરીયાદ ફરીયાદીએ

ચોકકસ કેટલા વાગે લખાવેલી તે હું આંક – ૩૬ ની ફરીયાદ જોઈને કહી શકુ નહીં. વધુમાં સાહેદ જણાવે છે કે હું ફરીયાદ નોંધાવ્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ અંગે નોંધાયેલ એફ.આઈ.આર. ૨૪ કલાકમાં હકુમત ધરાવતી જયુડી.મેજી.ફ.ક. કોર્ટમાં મોકલવી પડે, સદરહુ ફરીયાદ તા. ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ કલાક : ૧૪/૩૦ વાગે નોંધેલી, ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. થી કોર્ટ આશરે બે–ત્રણ કી.મી. ના અંતરે આવેલ છે અને પો.સ્ટે. થી કોર્ટ આવવામાં પંદર થી વીસ મીનીટ થાય. એ વાત ખરી છે કે એફ.આઈ.આર. પર કોર્ટમાં એફ.આઈ.આર. ની નકલ મળ યાના સમયમાં તારીખ : ૧૪/૧૦/૨૦૧૩ ના કલાક : ૧૧/૧૫ લખેલ છે.

**૨૨.** ફરીયાદપક્ષે આંક–૩૨ થી સાહેદ–વિજયભાઈ સુરેશભાઈ મેવાડાનાં ઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, બનાવ આજથી આશરે ચાર વર્ષ પહેલા બનેલો તે વખતે નવરાત્રીની આઠમ હતી બનાવના દિવસે અમો ધ્રાંગધ્રા થી બાઈક લઈને બાવળી માતાજીના દર્શન કરવા જતા હતા તે વખતે અમારા સમાજના ભાઈઓ દર્શન માટે નોરતાની આઠમ હોય અમદાવાદ થી આવતા હતાં તે વખતે કિરીટસિંહ અને આશરે બીજા પાંચ–સાત જણા હતા જેમને જોયેથી ઓળખી શકુ વધું નામ આવડતા નથી જેમાંથી એક–બે જણાના હાથમાં લાકડાના ધોકા હતા અને બીજા એકના હાથમાં છરી હતી આ લોકો ખેતાભાઈ અને રાજભાઈ અને ધારાભાઈને નરશીપરા વિસ્તારમાં મારતા હતા અને તે લોકો કહેતા હતા કે તમે ભરવાડ છો આ રસ્તે તમો નહીં નીકળતા અને હવે પછી બીજા પણ આવશે તો તેઓને પણ મારશું તેથી અમોએ અમારા ભાઈઓને ફોન કરેલો કે અમદાવાદ થી બાવળી આવતા લોકોને મારેલા છે તેવું જણાવેલ. બનાવ વખતે મારી સાથે ભરતભાઈ ભાલુભાઈ સોલડી તથા લાલાભાઈ મોતીભાઈ સાથે હતાં અને તે વખતે અમોએ ફોન કરતા બનાવવાળા સ્થળે અમારા ભાઈઓ પચાસથી એકસો જણા આવી ગયેલા અને ત્યાંથી ઈજા પામનારાઓને સરકારી દવાખાને લઈ ગયેલા, બનાવની ફરીયાદ લખાવતા પોલીસે મારો જવાબ લીધેલો, આ બનાવનું

કારણ શું છે તેની મને ખબર નથી, અદાલતમાં હાજર આરોપી – કિરીટસિંહને ઓળખી બતાવે છે અને અન્ય આરોપીઓ કોર્ટમાં હાજર નથી તેમ જણાવે છે આરોપી વિશાલ રમેશભાઈ રાઠોડ કોર્ટમાં હાજર હોવા છતાં સાહેદે ઓળખી બતાવેલ નહીં, મને બનાવ વખતે આરોપીઓના હાથમાં જે ધારીયા, છરી અને લાકડીઓ હતી તે બતાવવામાં આવે તો પણ હું અત્યારે જોઈને ઓળખી શકુ નહીં.

**૨૨/૧.** સદરહું સાહેદને ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરતા મને મારૂ પોલીસ નિવેદન આખુ વિ.પી.પી.પી.શ્રી વાંચી સંભળાવતાં સાહેદ જણાવે છે કે મે પોલીસને આવુ નિવેદન લખાવેલ અને સાહેદ જણાવે છે કે હું અભણ ચા વાળો હોય કેટલુ યાદ રાખુ મને બીજાએ આરોપીઓના નામ કીધેલા જેથી મે નિવેદનમાં લખાવેલા. એ વાત ખરી છે કે, મે મારા પોલીસ નિવેદન તા. ૩૦/૦૬/૨૦૧૫ માં એવી હકીકત લખાવેલ છે કે ''આજથી આશરે દોઢેક વર્ષ પહેલા નવરાત્રીની આઠમનો તહેવાર હતો અને અમારા ભરવાડના માણસો બાવળી ગામે માતાજીના દર્શને જતા હતા જેથી હું પણ ધ્રાંગધ્રા થી નીકળી બાવળી માતાજીના દર્શને મારા મોટર સાયકલથી જતો હતો તે વખતે આશરે બપોરના અગીયારેક વાગે નરશીપરાથી આગળ રોડ પર જતા ત્ય માણસોનું ટોળુ ઉભેલ હતુ ત્યાં મને જાણવા મળેલ કે અમદાવાદના ભરવાડના માણસોને ધ્રાંગધ્રા ના લાલભા મેરૂભા તથા વાસુ ગોરધન રાવલના હાથમાં તમંચા હતા અને તેઓએ હવામાં ફાયરીંગ કરેલ અને ભરવાડ સાથે ઝપાઝપી કરેલ અને મોબાઈલ તથા તેઓના ચેઈન લુંટી લીધેલ તે વખતે આ લાલભાના માણસોમાં વિષ્ણુ પટેલના હાથમાં ધારીયુ હતુ તેમજ ઘનશ્યામ દલવાડીના હાથમાં પણ ધારીયુ હતુ તથા હરીશચંદ્રસિંહ જાઢેજાના હાથમાં ધારીયુ હતુ તથા ધર્મેન્દ્રસિંહ તથા ભુપત જીવરાજ તથા નરેન્દ્રસિંહ ઝાલા તથા વિશાલ રમેશભાઈ ખવાસ તથા સુરેશ ચતુરભાઈ દલવાડી તથા અલ્તાફ ઉર્ફે મુન્નો ગેરેજવાળો હતો અને આ બધાના

હાથમાં લાકડીઓ હતી તેમજ ગૌતમ ભલજીભાઈ દલવાડી તેમજ વીસેક જેટલા બીજા માણસોએ મળીને અમદાવાદના ભરવાડોને માર મારેલ અને તે વખતે ત્યાં સોલડીના ભરત ભાલુભાઈ મેવાડા હતા અમો બંને જણા વચ્ચે પડી આ ભરવાડોને છોડાવતા હતા તે વખતે એક પોલીસ જમાદાર આવી જતા આ બધા મારવા વાળાઓ લોકો ત્યાં થી ભાગી ગયેલ અને જતા જતા તેઓ બોલતા હતા કે હવે પછી અહીંયાથી નીકળશો તો પતાવી દઈશું અને ત્યારપછી અમો બંને જણા આ અમદાવાદ વાળા ભરવાડને ધ્રાંગધ્રા સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ અને સારવાર અપાવેલ હતી ત્યાં દવાખાનામાં આ અમદાવાદ ના ભરવાડના નામો પુછતાં જેમાં એક જણાએ અમરાભાઈ રેવાભાઈ ભરવાડ તથા બીજાએ ધારાભાઈ ભવાનભાઈ ભરવાડ તથા ત્રીજાએ મેરાભાઈ ખેતાભાઈ ભરવાડ તેઓ પીપળજ તા.જી.અમદાવાદ વાળા હોવાનું જણાવેલ અને તેઓને ખભા ઉપર તથા મોઢા ઉપર તેમજ પગમાં વાગેલ હતું અમોએ તેઓને પુછેલ કે તમો કયા જતા હતા તો તેઓએ કહેલ કે આજે આઠમનો તહેવાનર હોય અમારા માતાજીના મઢે માતાજીના દર્શન કરવા જતા હતા અને ત્યાં નરશીપરામાં વાતચીત કરવા ઉભા રહેલ અને આ વાતચીત કરતા હતા અને ભરવાડ જ્ઞાતિના હોય આ લોકોએ ધારીયા, લાકડીઓ, તમંચાઓ લઈને આવીને અમોને માર મારેલ છે જેમાં અમરાભાઈએ જણાવેલ કે લાલભા મેરૂભા તથા વાસુ રાવલે તમંચાથી ફાયરીંગ કરી તેમની પાસેનો મોબાઈલ તથા ગળામાં પહેરેલ ચેઈન ખેંચી લીધાનું જણાવેલ તેમજ દાનાભાઈ ધારાભાઈ ભરવાડે જણાવેલ કે મારી પાસેથી એક મોબાઈલ તથા મે પહેરેલ ચેઈન લઈ ગયેલ છે અને મેરાભાઈ ખેતાભાઈ ભરવાડે જણાવેલ કે મારા ગળામાંથી પણ ચેઈન લુંટી ગયેલ છે'' ની હકીકત પોલીસ નિવેદનમાં લખાવેલી. વધુમાં સાહેદ જણાવે છે કે એ વાત ખરી છે કે મે મારા પોલીસ નિવેદનમાં એવી હકીકત લખાવેલ છે કે '' આ લું કરવાવાળાના નામો અમો ત્યાં હાજર હોય તેઓને આપેલ, આ બનાવ બનવાનું કારણ એ છે કે તે વખતે ધ્રાંગધ્રા મા ભરવાડ તથા દરબારો વચ્ચે ઘણા સમયથી મનદુ:ખ ચાલતુ હતુ અને પોપટભાઈ દેવાભાઈ ભરવાડનું દરબારોએ ખુન કરેલ જેથી બંને કોમના મનદુ:ખના

કારણે આ લોકોએ અમદાવાદના ભરવાડોને માર મારી મોબાઈલ તથા તેઓએ ગળામાં પહેરેલ ચેઈન લુંટી લીધેલ ની હકીકત મારા પોલીસ નિવેદનમાં લખાવેલી.

**૨૨/૨.** આ સાહેદની આરોપી તરફે કરેલી ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે, મારા પિતાનું નામ સુરેશભાઈ કુકાભાઈ મેવાડા છે મારા બે કાકા છે જેઓના નામ કનાભાઈ કુકાભાઈ અને ઝીલાભાઈ કુકાભાઈ છે મારી માતાનું નામ અં કુબેન સુરેશભાઈ મેવાડા છે, એ વાત ખરી છે કે આ કેસ બન્યો તે પહેલા ઈન્દ્રકુમાર બભુભા ઝાલાનેં મકાન સળગાવવાના કેસમાં મારૂ, મારા પિતાજીનું, મારા કાકા કનાભાઈનું નામ છે, પોપટ દેવા મેવાડાનું મૃત્યુ થયુ તે પછીના ઘણા બધા કેસોમાં હું અને મારા પરીવારના સભ્યો આરોપી તરીકે છે તે બધા કેસો ધ્રાંગધ્રા સેસન્સ કોર્ટમાં ચાલે છે આ બધા કેસોમાં મને આશરે દોઢેક વર્ષે જામીન મળેલ છે, ઈન્દ્રસિંહ નું ઘર સળગાવવાનો બનાવ બનેલો ત્યારબાદ હાલના કેસ વાળો બનાવ આશરે દોઢેક વર્ષ પછી બનેલો, હાલના બનાવ બાદ પોલીસને મે કેટલા દિવસ પછી જવાબ આપેલો તે યાદ નથી અને સ્વીકારે છે કે ઈન્દ્રસિંહના ઘર સળગાવવાનો બનાવ અને ત્યાર બાદ ના બનાવ બન્યો તે તમામ કેસોમાં અમો દોઢ વર્ષે પકડાયેલા, અમોએ પોલીસને કઈ લખાવેલ નથી પોલીસે સહી કરવાનું કહેતા મે સહી કરેલી, ભરતભાઈ ભાલુભાઈ મેવાડા, રહે. ગામ સોલડીવાળા પણ મારા જેમા બધા કેસમાં આરોપી છે, લાલાભાઈ મોતીભાઈ આ જ રીતના આરોપી છે.

**૨૩.** ફરીયાદપક્ષે આંક – ૩૪ થી પંચ સાહેદ – અશોકભાઈ ધનજીભાઈ ગોહીલ નાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તા. ૧૭ / ૦૩/૨૦૧૫ નાં રોજ હું અમદાવાદ થી આવતો હતો ત્યારે મોચીવાડના નાકા પાસે મને પોલીસે ઉભો રાખીને મારી સહી લીધેલ મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકે મારી સહી છે જે આંક–૭૫ થી રજુ થયેલ છે જે હાલના કામે આંક–૫૯ થી કરવામાં આવેલ છે.

**૨૩/૧.** સદરહું પંચ સાહેદને ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ પંચ સાહેદે પંચનામાની હકીકતને લેશ માત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા પંચ સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૨૪.** ફરીયાદપક્ષે આંક – ૩૫ થી બનાવના કામે ઈજા પામનાર સાહેદ – મેરાભાઈ ખેતાભાઈ ભરવાડનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, બનાવ કઈ જગ્યાએ કેટલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી, બનાવમાં કોને ઈજા થયેલી તેની પણ મને ખબર નથી, આ બનાવ અંગે હું કાઈ જાણતો નથી, બનાવ અંગે પોલીસે મારી પુછપરછ કરી સહી લીધેલ પરંતુ નિવેદનની વિગતો મને યાદ નથી, આરોપીઓને હું ઓળખતો નથી.

**૨૪/૧.** સદરહું બનાવમાં ઈજા પામનાર સાહેદને ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદે પોતાના પોલીસ રૂબરૂના જવાબ ની હકીકતને લેશમાત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા સદર બનાવનાં કામે ઈજા પામનાર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૨૫.** ફરીયાદપક્ષે આંક – ૩૬ થી બનાવના કામે ઈજા પામનાર સાહેદ – ધારાભાઈ ભવાનભાઈ ભરવાડનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, બનાવ કઈ જગ્યાએ કેટલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી, બનાવમાં કોને ઈજા થયેલી તેની પણ મને ખબર નથી, આ બનાવ અંગે હું કાઈ જાણતો નથી, બનાવ અંગે પોલીસે મારી પુછપરછ કરી સહી લીધેલ પરંતુ નિવેદનની વિગતો મને યાદ નથી, આરોપીઓને હું ઓળખતો નથી.

**૨૫/૧.** સદરહું બનાવમાં ઈજા પામનાર સાહેદને ફરીયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રીએ હોસ્ટાઈલ જાહેર કરી વિગતવારની ઉલટતપાસ કરવા છતા આ સાહેદે પોતાના પોલીસ રૂબરૂના જવાબ ની હકીકતને લેશમાત્ર સર્મથન મળે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલી નથી ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી ધ્વારા સદર બનાવનાં કામે ઈજા પામનાર સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલી નથી.

**૨૬.** ફરીયાદપક્ષે આંક–૩૭ થી ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદ–દિલીપભાઈ બ્રિજલાલ ભાઈ વળવવીનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, હું સને – ૨૦૧૩ ની સાલમાં ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન અમરાભાઈ રેવાભાઈ ભરવાડ, રહે. અમદાવાદ પીપળજ ગામ વાળાએ બનેલ બનાવ અંગે મારી રૂબરૂ કોરા કાગળ ઉપર ફરીયાદ આપેલ જે મે તેમના લખાવ્યા મુજબ લખી લીધેલી અને રૂબરૂમાં મારી સહી કરેલી. મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૩૬ ની ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખું છુ આ ફરીયાદ લીધા બાદ મે ગુનો દાખલ થવા સારૂ ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ના પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ જેથી તેઓએ આ ફરીયાદના આધારે ગુનો દાખલ કરી એફ.આઈ.આર. નોંધેલ આ સિવાય મે અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**૨૬/૧.** આ ફરીયાદીની ફરીયાદ લેનાર સાહેદની આરોપી તરફે કરેલી ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે, એ વાત ખરી છે કે ફરીયાદીની જે ફરીયાદ લીધેલી તે ફરીયાદી ધ્રાંગધ્રા વિસ્તારની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હતાં.

**૨૭.** ફરીયાદપક્ષે આંક – ૩૮ (આંક–૬૦) થી સાહેદ–વિક્રમસિંહ અજીતસિંહ પરમારનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, હું ધ્રાગધ્રા

મામલતદાર કચેરી ખાતે એમ.એ.જી. કલાર્ક તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન તા. ૦૫/૧૦/૨૦૧૩ નાં રોજ ડી.એમ., સુરેન્દ્રનગર નાંઓએ તા. ૦૫/૧૦/'૧૩ થી તા. ૧૮/૧૦/૨૦૧૩ દરમ્યાન બકરી ઈદનો તહેવાર હોય ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ – ૩૭(૧) હેઠળ હથીયારબંધી અંગે જાહેરનામુ બહાર પાડેલ હતુ તે વખતે અધિક જીલ્લા કલેકટર તરીકે શ્રી એમ. બી. પટેલ હતા તેઓના હસ્તાક્ષર હું ઓળખુ છું, મને કોર્ટ રેકર્ડમાંથી જાહેરનામાની નકલ બતાવવામાં આવે છે જેમાં એમ.બી.પટેલની સહી છે જે આંક–૯૩ થી રજુ થયેલ છે જે હાલના કામે આંક – ૬૧ થી રજુ કરવામાં આવેલ છે.

**૨૭/૧.** આ સાહેદની આરોપીઓ તરફે કરેલી ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે, એ વાત ખરી છે કે સદરહું જાહેરનામું કઈ જગ્યાએ કેવી રીતે પ્રસિધ્ધ થયેલુ તેની મને જાત માહિતી નથી.

**૨૮.** ફરીયાદપક્ષે આંક–૬૨ થી સાહેદ – ભીમજીભાઈ ભાણજીભાઈ ભગોરાનાં ઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, હું સને–૨૦૧૬માં એલ.સી.બી. પી.આઈ. તરીકે સુરેન્દ્રનગર ફરજ બજાવતો હતો તે દરમ્યાન ધ્રાંગધ્ર ા સીટી પો.સ્ટે. ગુના રજી. નં. ૪૧/૨૦૧૩ ના ગુનાના નાસતા ફરતા આરોપીઓ પકડવાના બાકી હોય તા. ૨૦/૨/૧૬ ના રોજ વિષ્ણુ નવીનભાઈ પટેલ નાંઓ મળી આવતા તેઓને અટક કરી ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશને સોંપવામાં આવેલ. ત્યારબાદ બીજા આરોપી મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા નાઓ તારીખ : ૧ ૪/૩/૧૬ ના રોજ મળી આવતા તેઓને અટક કરી ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશને સોંપવામાં આવેલ. મે જે આરોપીઓને અટક કરેલા તે આરોપીઓ પૈકી વિષ્ણુ પટેલને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે અને જણાવે છે કે બાકીના આરોપી હાજર નથી, આ સીવાય મે બીજી કોઈ કામગીરી કરેલ નથી.

**૨૮/૧.** આ સાહેદની સે. કે. નં. ૧૯/૧૫ તથા ૧૯/૧૬ ના આરોપીઓ તરફે કરેલી ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે, એ વાત ખરી છે કે મે આરોપીઓને અટક કરવા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી તેમજ આ સાહેદની સે. કે. નં. ૦૨/૨૦ ના આરોપી તરફે ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૨૯.** ફરીયાદપક્ષે આંક–૬૩ થી ત.ક.અ. સાહેદ – ચંદનસિંહ કમજી ખરાડીનાં ઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, હું ગઈ તા. ૧૨/૧૦/ ૨૦૧૩ નાં રોજ બનેલ બનાવ અંગે અમરાભાઈ રેવાભાઈ ભરવાડ, રહે. અમદાવાદ વાળાએ ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં. ૪૧/૨૦૧૩ થી પોલીસ ફરીયાદ નોંધાવેલ હતી જેનો મેઈન સેસન્સ કેસ નં. ૧૯/૨૦૧૫ નો છે તથા પુવરણી ચાર્જશીટનો સેસન્સ કેસ નં. ૧૯/૨૦૧૬ તથા ૨/૨૦૨૦ છે. ઉપરોકત ગુનામાં આરોપી – ઘનશ્યામભાઈ મગનભાઈ તારબુંદીયા દલવાડી, રહે. નરશીપરા ધ્ર ાંગધ્રા વાળા ઘણા સમયથી ભાગતા ફરતા હોય આ ગુનાની તપાસ અમોને સોંપવામાં આવેલી અને અમોએ તપાસ સંભાળી લીધેલી, અમારી તપાસ દરમ્યાન આરોપી – ઘનશ્યામભાઈ મગનભાઈ તારબુંદીયા નાંઓને બે પંચોની હાજરીમાં અટક કરેલા, આંક – ૧૧૩ વાળા પંચનામામાં રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખુ છું આ સિવાય અન્ય કોઈ કામગીરી મે કરેલ નથી.

**૨૯/૧.** આ સાહેદની સે. કે.નં. ૧૯/૧૫ તથા ૧૯/૧૬ ના આરોપીઓ તરફે ઉલટતપાસ કરવામાં આવેલ નથી તેમજ સે. કે. નં. ૦૨/૨૦ ના આરોપીઓ તરફે કરેલી ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે, એ વાત ખરી છે કે મે આરોપીઓને અટક કરવા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**૩૦.** ફરીયાદપક્ષે આંક–૬૯ થી ત.ક.અ. સાહેદ – અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ પટેલનાંઓને તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, અમો ગઇ તા.

૧૪/૩/૧૬ ના રોજ ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરજ ઉપર હતા તે દરમ્યાન ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૪૧/૨૦૧૩ ના કામના આરોપી મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા રહે. ધ્રાંગધ્રા વાળાને બે પંચો નામે – જીતેન્દ્રસિંહ ખેગારસિંહ પરમાર અને ધર્મેશ રામજી સોનાગ્રાની હાજરીમાં અટક કરી અટક પંચનામુ કરવામાં આવેલુ, મને આંક–૧૫ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું જે તે જ છે. વધુમાં સદર ત.ક.અ. જણાવે છે કે, ત્યારબાદ સદર આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરી રીમાંડ માંગી નામદાર કોર્ટના હુકમ મુજબ જેલ હવાલે કરેલ અને ત્યાર બાદ અમારી બદલી થતા સદરહું ગુનાની વધુ તપાસ ડી.બી.વળવી પો.સ.ઇ. ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. નાઓને સોંપી આપવામાં આવેલી અને સદરહું ગુનાની અંદર અગાઉની તપાસ દરમ્યાન અન્ય આરોપીઓ અટક થઇ ગયેલ હોય હાલના આરોપી વિરૂધ્ધ પો.સ.ઇ.શ્રી ડી.બી.વળવી નાઓએ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલુ, મને આંક–૧ વાળુ ચાર્જશીટ બતાવવામાં આવે છે જેમાં પો.સ.ઇ. શ્રી ડી.બી.વળવી નાઓની સહી છે જે મારા સાથી અધિકારી હોય તેઓની સહી હું ઓળખુ છું જે તે જ છે તેમ જણાવી આરોપીને ઓળખી બતાવે છે

**૩૦ /૧.** આ ત .ક.અ.સાહેદની આરોપી તરફે કરેલી ઉલટતપાસમાં આ સાહેદે એવું જણાવેલું છે કે, એ વાત ખરી છે કે આ કામે આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કર્યા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન</u> ::–**

**૩૧ .** આ કામે આરોપીની સામે ઈ. પી. કો. કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી, એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના આક્ષેપીત ગુના સંબંધે તહોમતનામા ફરમાવવામાં આવેલ છે જે અનુ સંધાને ફરીયાદ પક્ષ ધ્વારા આ કામે જે રેકર્ડ ઉપર પુરાવો લાવેલ છે તેમાં આંક–૫૫ થી ફરીયાદ રજુ થયેલ છે જે ફરીયાદી અમરતભાઈ દેવાભાઈ ભરવાડનાંઓએ તા. ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ પો.સબ.ઈન્સ્પે. ધ્રાંગધ્રા સીટી નાં ઓની રૂબરૂ આપેલ છે જે આંક–૫૫ વાળી ફરીયાદની હકીકત ધ્યાને લેતાં '' આજરોજ હું તથા મારી સાથે ધારાભાઈ અમે બંને જણા પ્લસર મોટર સાયકલ લઈ

અને પીપળજ ગામેથી  સવારના સાત વાગ્યે અમારા બાવળી ગામે ધ્રાંગધ્રા તાલુકાનું જયા માતાજીના નિવેદ કરવા માટે નીકળેલા અને અમે ધ્રાંગધ્રાથી નરશીપરા બાજુ જતા હતા ત્યાં મેરાભાઈ ખેતાભાઈ અમદાવાદથી ચાલતા ચાલતા નીકળેલા જે પણ નરશીપરાના છેવાડે ગેરેજ પાસે પહોંચેલા અમે મેરાભાઈ પાસે બાઈક ઉભુ રાખી અને વાતો કરતા હતા ત્યાં સાત થી આઠ જણા લાકડી, ધારીયા લઈને આવેલા અને અમને ગાળો દેવા લાગેલા અને કહેતા હતાં કે સાલાઓને કાપી નાંખો અને આ સાત આઠ જણામાંથી  બે જણાએ તેમની પાસેથી તમંચો કાઢી અને બં ને જણાઓએ હવામાં ફાયરીંગ કરેલ અને અમો  ત્રણે  જણાઓને  લાકડી  તથા ધારીયાના ઉંધા ઘા કરી અને મારી પાસે મોબાઈલ નોકીયા કંપનીનો કિંમત રુા. ૫,૦૦૦/- તથા મે પહેરેલ સોનાનો ચેન સાડા ચાર તોલાનો કિંમત રૂપિયા આશરે નેવુ હજારનો જે ગળામાંથી ખેંચી લઈ ગયેલ અને મને ડાબા ખભાના ભાગે ધારીયાનો ઉંધો ઘા કરેલ અને લાકડી તથા ઢીકાપાટુનો માર મારતા હતા અને મારી સાથેના ધારાભાઈ ભવાનભાઈને પણ આ લોકોએ માર મારી મોઢા ઉપર તથા સાથળમાં મુઢ માર મારી મોબાઈલ લાવા કંપનીનો કિંમત રુા. ૧૦,૦૦૦/- તથા સોનાનો ચેન પાંત તોલાનો કિંમત રૂપીયા આશરે એક લાખનો ગળામાંથી ખેં ચી લઈ ગયેલ અને મેરાભાઈ ખેતાભાઈ ભરવાડને તલવારનો ઘા જમણા પગે કરેલ અને સોનાનો ચેન આઠ તોલાનો કિંમત રૂપીયા દોઢ લાખનો ગળામાંથી ખેંચી લઈ ગયેલ અને આ ટોળામાં માર મારતા હતાં આ વખતે ભરતભાઈ ભાલુભાઈ તથા વિજયભાઈ સુરેશભાઈ રહે. ધ્રાંગધ્રા – કુંભારપરા વાળાઓ તથા બીજા માણસો વચ્ચે પડી છોડાવેલ અને આ ભરતભાઈ તથા વિજયભાઈએ  અમને  મારવા  વાળા જેમાં લાલભા મેરૂભાઈ જેના હાથમાં તમંચો તથા વાસુ રાવળના હાથમાં તમંચો હતો જેમાંથી હવામાં ફાયરીંગ કરી  ચેન તથા મોબાઈલ લુંટી લઈ ગયેલ, વિષ્ણુ પટેલના હાથમાંનુ ધારીયુ જેના ઘા મારા ઉપર ઉંધો કરેલ અને ઘનશ્યામ મગન દલવાડી જેના હાાથમાં ધારીયુ હતુ તેમજ હરીશચંદ્રસિંહ યશવંતસિંહ જાડેજા જેના હાથમાં ધારીયુ હતું, ધરમેન્દ્રસિંહ ભાણુ તથા ભુપત ઉર્ફે ભોલા યુવરાજ દલવાડી તથા નરેન્દ્રસિંહ કિરીટસિંહ ઝાલા તથા વિશાલ રમેશભાઈ ખવાસ તથા અલ્તાફભાઈ ગેરેજ વાળા તથા સુરેશભાઈ ચતુરભાઈ દલવાડી આ બધાના હાથમાં લાકડીઓ હતી તેમજ ગૌતમ ભલજી દલવાડી તેમજ બીજા વીસેક જેટલા અજાણ્યા માણસો નું ટોળુ અને આ વખતે પોલીસ આવી  જતા આ લોકો ભાગી ગયેલ અને જતા જતા કહેતા ગયેલ

કે હવે પછી અહીંથી નીકળો તો જાનથી પતાવી દઈશું આ બનાવ આશરે અગીયાર વાગ્યે બનેલ છે આ બનાવ ધ્રાંગધ્રામાં ભરવાડનું ખુન થયેલ જેનું મનદુ:ખ હોય અમારી ઉપર તમંચામાંથી ફાયરીંગ કરી ધારીયા – લાકડીઓ – તલવારથી માર મારી સોનાના ચેઈનો તથા મોબાઈલ લુંટી ભાગી જતા અને અમને ભરતભાઈ તથા વિજયભાઈ તથા બીજા માણસો સારવામાં દવાખાને લાવેલ હોવાની હકીકત સાથેની ફરીયાદ હકીકત છે ''

જે ફરીયાદની હકીકતોએ આ કામે ફરીયાદી અમરતભાઈ રેવાભાઈ ભરવાડ તેમજ સાહેદ મેરાભાઈ ખેતાભાઈ તેમજ સાહેદ ધારાભાઈ ભવાનભાઈનાંઓ ઈજા પામનાર સાહેદો ફરીયાદ પક્ષના કેસ મુજબ છે અને જે અનુસંધાને આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૫૮ થી ફરીયાદી – અમરતભાઈ રેવાભાઈ ભરવાડનાંઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં તેઓ તથા તેમના ભત્રીજા ધારાભાઈ બાઈક ઉપર આવતાં હતાં ત્યારે બનાવવાળી જગ્યાએ ઉભેલા લોકો મારવા લાગેલા અને ઝપાઝપીમાં સાડા ચાર તોલાનો સોનાનો દોરા તુટી ગયો કે લઈ ગયા તેની ખબર નથી જે આજ સુધી મળેલ નથી તેમજ તેમના ભત્રીજાનો સેમસંગ કંપનીનો ફોન ઝપાઝપીમાં પડી ગયેલો કે લઈ ગયેલા તેની ખબર નહીં હોવાનું જણાવે છે તેઓના ભત્રીજાને મોઢા ઉપર ઈજા થતાં તેમજ તેઓને મુઢ માર વાગતા ધ્રાંગધ્રા સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધેલી અને બનાવના કારણમાં ભરવાડ અને દરબારો વચ્ચે મારામારી થયેલી હોવાની હકીકત તેઓની સરતપાસમાં જણાવેલ છે. વધુમાં તેઓએ તેમની સરતપાસમાં બનાવ વખતે રાવલ જેના નામની ખબર નથી તેના હાથમાં રીવોલ્વર હતી અને તેઓના કાનપટા ઉપર મુકેલ હોવાનું જણાવેલ છે તેમજ મારકુટ કરનાર લોકોને જોયેથી ઓળખી શકુ જે પૈકી અલ્તાફ તેમજ ધર્મેન્દ્ર તરફ આંગળી કરી તેઓને ઓળખી બતાવેલ હોવાની હકીકત જણાવેલ છે.

આમ, ફરીયાદ પક્ષના કેસની હકીકતો સંબંધે સદરહુ સાહેદ કે જે ઈજા પામનાર સાહેદ છે તેઓએ તેમની સરતપાસમાં જ બનાવ સમયે તેઓને અને તેમના ભત્રીજાને કોણે માર મારેલ છે તેવી નામ સાથેની કોઈ હકીકત તેઓ જણાવતાં નથી તેઓ બનાવ વખતે હાજર માણસો પૈકી ધર્મેન્દ્ર અને અલ્તાફ નામના ઈસમને ઓળખી બતાવેલ છે પરંતુ આ બંને ઈસમોએ શું ભાગ ભજવેલ છે તે બાબતે તેઓ કોઈ હકીકત જણાવતાં નથી. વધુમાં તેઓ તેમની સરતપાસમાં જ

રીવોલ્વર રાવલ નામના ઈસમ પાસે હોવાનું જણાવે છે પરંતુ આ રાવલ કોણ છે અને આરોપીઓ પૈકી તે કયા છે તે સંબંધેની કોઈ જ હકીકત તેઓ જણાવતા નથી.

વધુમાં આ કામે સદરહુ સાહેદની સરતપાસ દરમ્યાન એવી નોંધ કરવામાં આવેલ છે કે આ કામે કોઈ રીવોલ્વર કબજે કરવામાં આવેલ નથી. આમ, સદરહુ સાહેદની સરતપાસ ધ્વારા જ ફરીયાદ પક્ષના કેસની હકીકત ને કોઈ સર્મથન મળતુ હોય તેવી હકીકત જણાય આવતી નથી. એટલુ જ નહીં સદરહુ સાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટતપાસની હકીકતો ધ્યાને લેતાં બનાવ સમયે હાજર ટોળા પૈકી કોઈ વ્યકિત કે આરોપીઓની ઓળખ પરેડ કરવામાં આવેલ હોય તેવું પણ બનેલ નહીં હોવાનું સદરહું સાહેદે જણાવેલ છે. વધુમાં તેઓએ ઉલટતપાસમાં એ હકીકત પણ કબુલ રાખેલ છે કે ફરીયાદમાં જે નામો લખાવેલ છે તે મે બીજા લોકોના કહેવાથી લખાવેલ છે અને જે નામો ફરીયાદમાં લખાવેલ છે તે ભરતભાઈ ભારૂભાઈ મેવાડા અને વિજયભાઈ સુરેશભાઈ મેવાડાનાંઓએ લખાવેલાની હકીકત જણાવેલ છે. આમ, સદરહું સાહેદની સોગંદ પરની જુબાનીથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવેલાનું ફલિત થતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષના કેસની હકીકતોએ અન્ય ઈજા પામનાર સાહેદો પૈકી મેરાભાઈ ખેતાભાઈ ભરવાડનાંઓને આંક–૩૫ થી તેમજ ધારાભાઈ ભવાનભાઈ ભરવાડ નાંઓને આંક – ૩૬ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. સદરહુ બંને સાહેદોની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસની હકીકતો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસની હકીકતોએ સદરહે બંને સાહેદો બનાવ સમયે ઈજા પામનાર સાહેદો હોવા છતાં તેઓ બનાવ કઈ જગ્યાએ બનેલ છે અને બનાવમાં કોને ઈજા થયેલ છે તે અંગેની કોઈ હકીકત જાણતા નહીં હોવાનું જણાવેલ છે. ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ બંને સાહેદોને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ બંને સાહેદોની જુબાનીથી ફરીયાદ કે સાહેદ વિજયભાઈને જુબાનીને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

**૩૨.** આ કામે સાહેદ – વિજયભાઈ સુરેશભાઈ મેવાડાને ફરીયાદ પક્ષ ધ્વારા આંક –૩૨ થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં

જણાવેલ છે કે બનાવ વખતે કિરીટસિંહ અને આશરે બીજા પાંચ થી સાત જણા જેમને જોયેથી ઓળખી શકુ તેમના નામ આવડતા નથી તેમાંથી એક–બે જણના હાથમાં ધોકા અને બીજા એકના હાથમાં છરી હતી અને આ લોકો ખેતાભાઈ, રાજભાઈ અને ધારાભાઈને મારતાં હતાં, બનાવ સમયે મારી સાથે ભરતભાઈ ભાલુભાઈ તથા લાલાભાઈ મોતીભાઈ હતાં, બનાવના કારણની ખબર નહીં હોવાનું જણાવે છે. સદરહુ સાહેદને ફરીયાદ પક્ષ ધ્વારા ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર કરેલ છે અને તેઓની વિગતવારની ઉલટતપાસ ફરીયાદ પક્ષ ધ્વારા કરવામાં આવેલ છે જેમાં તેઓએ બનાવની હકીકતો તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ હોવાનું કબુલ રાખેલ છે પરંતુ બચાવ પક્ષે સદરહુ સાહેદની કરેલ ઉલટતપાસમાં સદરહુ સાહેદે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે અમોએ પોલીસને કાંઈ લખાવેલ નથી પોલીસે સહી કરવાનું કહેતા સહી કરેલાનું જણાવે છે. આમ, સદરહુ સાહેદની સ્થિરતા બાબતે શંકા પ્રેરે છે એટલું જ નહીં સદરહુ સાહેદે તેની સરતપાસમાં જે હકીકત જણાવેલ છે તેમાં કિરીટભાઈ નામના આરોપીનું નામ જણાવેલ છે પરંતુ ચાર્જશીટની હકીકત ધ્યાને લેતાં કિરીટભાઈ નામના કોઈ આરોપી હોય તેવું જણાય આવતુ નથી. વધુમાં સદરહુ સાહેદ પોતે બનાવ સમયે હાજર હોવાની હકીકત જણાવે છે પરંતુ કયા આરોપીએ કોને કેવી રીતે ઈજા કરેલ તે સંબંધેની કોઈ જ હકીકત જણાવતો નથી એટલું જ નહીં આરોપીઓ પૈકી કોઈ આરોપીએ કોઈ સાહેદ પાસેથી સોનાનો દોરો, મોબાઈલ કે અન્ય કોઈ ચીજવસ્તુઓની લુંટ કરી હોય તેવી પણ કોઈ જ હકીકત સદરહુ સાહેદ તેમની સરતપાસમાં જણાવતાં નથી. આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓની જુબાનીમાં વિશ્વસનીયતાનો અભાવ જોવા મળે છે.

આ કામે સદરહુ સાહેદ – વિજયભાઈની સોગંદ ઉપરની સરતપાસમાં તેઓએ બનાવ સમયે તેઓની સાથે ભરતભાઈ ભાલુભાઈ તેમજ લાલાભાઈ મોતીભાઈ સાથે હોવાનું જણાવેલ છે પરંતુ ફરીયાદ પક્ષ ધ્વારા આવા કોઈ જ સાહેદોને સોગંદ ઉપર તપાસવામાં આવેલ હોય તેવુ જણાય આવતુ નથી.

**૩૩.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીને ગુનાનાં કામે અટક કર્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી પંચ સાહેદ – ધર્મેશભાઈ રામજીભાઈ સોનગ્રાને આંક–૧૪ થી તેમજ પંચ સાહેદ – જીતેન્દ્રભાઈ ખેંગારભાઈ પરમારને આંક–૧૭ થી સોગંદ

ઉપર તપાસેલા છે જેઓ બંને પંચો આંક–૧૫ થી રજુ આરોપીને ગુનાના કામે અટક કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ બંને પંચ સાહેદોને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પં ચનામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ બંને પંચ સાહેદોની જુબાનીથી આંક–૧૫ થી રજુ આરોપીને ગુનાના કામે અટક કર્યાના પંચ નામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા બનાવવાળી જગ્યાના પંચનામાના પંચસાહેદો પૈકી પંચ સાહેદ–નિઝામ ઈસ્માઈલભાઈ લોલાડીયાને આંક–૨૨ થી તેમજ પંચ સાહેદ – ઈમ્તીયાઝભાઈ ઈસમભાઈ મકવાણાને આંક–૩૩ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ બંને પંચો આંક–૪૪ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાની વિગતોને લેશ માત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ બંને પંચ સાહેદો ને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ બંને પંચ સાહેદોની જુબાનીથી આંક – ૪૪ થી રજુ બનાવવાળી જગ્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા અટક પંચનામાના પંચસાહેદો પૈકી પંચ સાહેદ – લાખા ભાઈ ઈસાભાઈ માણેકને આંક–૨૧ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ આંક –૪૫ થી રજુ અટક પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ પંચ સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પંચનામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ પંચ સાહેદ ની જુબાનીથી આંક – ૪૫ થી રજુ અટક પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા મુદ્દામાલ હથીયાર લાકડી કબજે કર્યાના પંચ નામાના પંચ સાહેદો પૈકી પંચ સાહેદ – ભાવેશભાઈ કિશોરભાઈ શેઠને આંક–૨૩ થી તેમજ પંચસાહેદ – રમેશભાઈ રસીકભાઈ કણઝરીયાને આંક–૨૫ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ આંક – ૪૬ થી રજુ મુદ્દામાલ હથીયાર લાકડી કબજે કર્યાના પં

ચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ બંને પંચ સાહેદોને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પંચ નામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ બંને પંચસાહેદ ની જુબાનીથી આંક–૪૬ થી રજુ મુદ્દામાલ હથીયાર લાકડી કબજે કર્યાના પંચ નામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા અટક તેમજ હથીયાર કબજે કર્યાના પં ચનામાના પંચ સાહેદો પૈકી પંચ સાહેદ – અનીલભાઈ લલીતભાઈ રાઠોડ ને આંક –૨૬ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ આંક – ૪૭ થી રજુ અટક તેમજ હથીયાર કબજે કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ બંને પંચસાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પંચ નામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ બંને પંચ સાહેદ ની જુબાનીથી આંક–૪૭ થી રજુ અટક તેમજ હથીયાર કબજે કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી પંચ સાહેદ – હીરાભાઈ દેવશીભાઈ ભરવાડને આંક–૨૭ (આંક–૬૪) થી તેમજ પંચસાહેદ – ગુલામરસુલ ઈશાકભાઈ પીરજાદાને આંક –૨૮ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ આંક–૪૮ થી રજુ આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ બંને પંચ સાહેદોને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પંચ નામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ બંને પં ચ સાહેદોની જુબાનીથી આંક–૪૮ થી રજુ આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા મુદ્દામાલ હથીયાર ધારીયુ કબજે કર્યાના પંચ નામાના પંચ સાહેદો પૈકી પંચ સાહેદ – જયદીપસિંહ વજુભા ઝાલાને આંક–૨૯ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ આંક–૪૯ થી રજુ મુદ્દામાલ હથીયાર ધારીયુ કબજે

કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ બંને પંચ સાહેદોને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પંચ નામાની હકીકતોને લેશમાત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ બંને પંચસાહેદ ની જુબાનીથી આંક–૪૯ થી રજુ મુદ્દામાલ હથીયાર ધારીયુ કબજે કર્યાના પંચનામા ની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાના પંચ સાહેદો પૈકી પંચ સાહેદ – અશોકભાઈ ધનજીભાઈ ગોહીલને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસેલા છે જેઓ આંક–૫૯ થી રજુ આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન કરતાં નથી અને ફરીયાદ પક્ષ ધ્વારા સદરહુ પંચ સાહેદને ફરી ગયેલ સાહેદ જાહેર કર્યા બાદ પણ સદર પંચનામાની હકીકતોને લેશ માત્ર પણ સર્મથન કરેલ નથી. આમ, સદરહુ પંચ સાહેદની જુબાનીથી આંક–૫૯ થી રજુ આરોપીની શરીર સ્થિતિ તેમજ મુદ્દામાલ મોબાઈલ કબજે કર્યાના પંચનામાની વિગતોને લેશમાત્ર પણ સર્મથન મળતુ નથી.

**૩૪.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા મેડીકલ ઓફિસર સી.એચ.સી. ધ્રાંગધ્રા ડોકટર સંગીતા અરૂણકુમાર પ્રસાદનાંઓને આંક – ૩૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં તેઓ તા. ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા ત્યારે મેરાભાઈ ખેતાભાઈ ભરવાડ – અમરાભાઈ રેવાભાઈ રાબડા – ધારાભાઈ ભવાનભાઈ નાંઓને સારવાર આપેલી અને તેઓને થયેલ ઈજા સંબંધેનાં મેડીકલ સર્ટીફિકેટ આપેલા, સદરહુ સાહેદ ને થયેલ ઈજાઓ તલવાર – લાકડી – ઢીકા પાટુનો માર મારવામાં આવે તો થઈ શકે તેવી હકીકતો સદરહુ સાહેદે જણાવેલ છે. સદરહુ સાહેદની બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં સાહેદોને થયેલી ઈજાઓ વાહન અકસ્માતથી, નીચે પડી જાય તો સખત અને બોથડ પદાર્થ કે જમીન સાથે ઘસડાય તો પણ થઈ શકે તેવી હોવાની હકીકતને સર્મથન કરેલ છે.

આમ, સદરહુ મેડીકલ ઓફિસરશ્રીએ આ કામે ઈજા પામનાર સાહેદોને તેમણે સારવાર આપેલાની હકીકત તેમની જુબાની દવારા ફલીત થાય છે પરંતુ આ અગાઉ

ઉપર જણાવ્યા મુજબ ઈજા પામનાર સાહેદોની જુબાની ધ્વારા સદરહુ સાહેદોને તેમને થયેલી ઈજાઓ કોના ધ્વારા કરવામાં આવેલ છે અથવા તો કયા હથીયારો ધ્વારા કરવામાં આવેલ છે તેવી કોઈ જ હકીકત તેમની સોગંદ ઉપરની જુબાનીથી રેકર્ડ પર લાવવામાં ફરીયાદ પક્ષ સફળ રહેલ નથી ત્યારે સદરહુ મેડીકલ ઓફિસરની જુબાનીથી માત્ર સાહેદોને ઈજા થયેલાનું માની શકાય તેમ છે.

**૩૫.** ફરીયાદપક્ષે આંક – ૩૧ (આંક–૬૫) થી પી.એસ.ઓ. સાહેદ – ગીરધરભાઈ હમીરભાઈ રાઠોડનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, તારીખ : ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. માં કલાક : ૧૩/૦૫ થી કલાક : ૨૦/૦૦ સુધી પી.એસ.ઓ. ના ચાર્જમાં હતો તે દરમ્યાન પી.એસ.આઈ. શ્રી ડી. બી. વળવીએ ફરીયાદી – અમરાભાઈ રેવા ભાઈની સરકારી હોસિપટલે લીધેલ ફરીયાદ ગુનો દાખલ કરવા માટે મને આપેલી, મને કોર્ટ રેકર્ડમાંથી આંક–૩૬ ની ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જેના આધારે મે ધ્રાંગધ્રા સીટી ફર્સ્ટ ગુના રજી. નં. ૪૧/૨૦૧૩ થી કલમ–૧૫૪ ની એફ.આઈ.આર. ફાડેલી જેમાં પી.એસ.ઓ. તરીકે મારી સહી છે જે આંક–૪૩ થી (આંક–૫૬) રજુ કરેલ છે. વધુમાં સદર સાહેદ જણાવે છે કે, ઉપરોકત ગુનો નોંધ્યા બાદ અમે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી નં. ૧૬ થી નોંધ કરેલી જે અસલ સ્ટેશન ડાયરીની નકલ આંક –૪૪ થી (આંક–૫૭) રજુ રાખેલ છે અને સદરહુ ગુનો નોંધ્યા બાદ આગળની તપાસ અમોએ તાલુકા પી.એસ.આઈ. શ્રી એ. એમ. હરીપરા ને સોંપેલી તેમ જણાવે છે. પરંતુ બચાવ પક્ષે કરેલ ઉલટતપાસમાં જણાવે છે કે એ વાત ખરી છે કે આંક–૩૬ વાળી ફરીયાદ મને કેટલા વાગે મળેલી તે ટાઈમ નાંખેલો નથી, આંક –૩૬ વાળી ફરીયાદ ફરીયાદીએ ચોકકસ કેટલા વાગે લખાવેલી તે હું આંક – ૩૬ ની ફરીયાદ જોઈને કહી શકુ નહીં.

**૩૬.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. પી.એસ.આઈ. /ફરીયાદીની ફરીયાદ નોંધનાર સાહેદ – દિલીપભાઈ બ્રીજલાલભાઈ વળવી નાંઓને

આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સોગંદ ઉપરની સરતપાસમાં હું સને–૨૦૧૩ ની સાલમાં ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે મારી ફરજ બજાવતો હતો તે દરમ્યાન અમરાભાઈ રેવાભાઈ ભરવાડ, રહે. અમદાવાદ પીપળજ ગામ વાળાએ બનેલ બનાવ અંગે મારી રૂબરૂ કોરા કાગળ ઉપર ફરીયાદ આપેલ જે મે તેમના લખાવ્યા મુજબની લખી લીધેલ અને રૂબરૂમાં મારી સહી કરેલી. વધુમાં સદર સાહેદ એમ પણ જણાવે છે કે મને કોર્ટ રેકર્ડમાંથી આંક –૩૬ ની ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે મારી સહી છે આ ફરીયાદ લીધા બાદ મે ગુનો દાખલ થવા સારૂ ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ના પી.એસ.ઓ. તરફ મોકલી આપેલ જેથી તેઓએ આ ફરીયાદના આધારે ગુનો દાખલ કરી એફ.આઈ.આર. નોંધેલ આ સિવાય મે અન્ય કોઈ કામગીરી કરેલ નથી. પરંતુ બચાવ પક્ષે સદરહુ સાહેદની કરેલ ઉલટતપાસમાં સદરહુ સાહેદે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે ફરીયાદીની જે ફરીયાદ લીધેલી તે ફરીયાદી ધ્રાંગધ્રા વિસતારની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હતાં. આમ, સદર સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો તેઓએ ફરીયાદીની માત્ર ફરીયાદ લીધેલ છે અને વિશેષ કોઈ જ કામગીરી કરી નથી તેમજ ફરીયાદી ધ્રાંગધ્રાની ભૌગોલીક પરિસ્થિતિથી અજાણ હોવાનું પણ રેકર્ડ પર આવે છે.

**૩૭.** આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા ધ્રાંગધ્રા મામલતદાર કચેરીના એમ.એ.જી. કલાર્ક કે જેઓ પોતાની જુબાની દરમ્યાન હથીયાર બંધીના જાહેરનામાની નકલ આંક –૬૧ થી રજુ થયેલ છે તેના સાહેદ – વિક્રમસિંહ અજીતસિંહ પરમાર નાં ઓને આંક – ૩૮ (આંક–૬૦) થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેઓએ તેની સોગંદ ઉપરની સરતપાસમાં હથીયાર બંધીના જાહેરનામાની નકલ રજુ રાખેલ છે પરંતુ બચાવ પક્ષે સદરહુ સાહેદની કરેલ ઉલટતપાસ માં સદરહુ સાહેદે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે સદર જાહેરનામુ કઈ જગ્યાએ કેવી રીતે પ્રસિધ્ધ થયેલુ તેની મને જાત માહિતી નથી. આમ, સદરહુ સાહેદનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો રજુ આંક –૬૧ નું હથીયાર બંધીનું જાહેરનામુ યોગ્ય રીતે પ્રસિધ્ધ થયેલ કે કેમ તે બાબતે શંકા

ઉત્પન્ન થાય છે.

**૩૮.** ફરીયાદપક્ષે આંક – ૬૨ થી સાહેદ – ભીમજીભાઈ ભાણજીભાઈ ભગોરાનાં ઓને તપાસેલ છે તેઓએ પુરાવામાં જણાવેલું છે કે, હું સને–૨૦૧૬માં એલ.સી.બી. પી.આઈ. તરીકે સુરેન્દ્રનગર ફરજ બજાવતો હતો તે દરમ્યાન ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ગુના રજી. નં. ૪૧/૨૦૧૩ ના ગુનાના નાસતા ફરતા આરોપીઓ પકડવાના બાકી હોય તા. ૨૦/૨/૧૬ ના રોજ વિષ્ણુ નવીનભાઈ પટેલ નાંઓ મળી આવતા તેઓને અટક કરી ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશને સોંપવામાં આવેલ. ત્યારબાદ બીજા આરોપી મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા નાઓ તા. ૧૪/૩/૧૬ ના રોજ મળી આવતા તેઓને અટક કરી ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશને સોંપવામાં આવેલ. મે જે આરોપીઓને અટક કરેલા તે આરોપીઓ પૈકી વિષ્ણુ પટેલને ઓળખુ છુ જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે અને જણાવે છે કે બાકીના આરોપી હાજર નથી. પરંતુ બચાવ પક્ષે સદરહુ ત.ક.અ. સાહેદની કરેલ ઉલટતપાસમાં સદરહુ તપાસનીશ અમલદાર સાહેદે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે મે આરોપીઓને અટક કરવા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૬૩ થી ત.ક.અ. સાહેદ – ચંદનસિંહ કમજી ખરાડીનાંઓને તપાસેલ છે તેઓએ તેમના પુરાવામાં જણાવેલું છે કે, હું ગઈ તારીખ : ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ બનેલ બનાવ અંગે અમરાભાઈ રેવાભાઈ ભરવાડ, રહે. અમદાવાદને ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશનમાં ગુના રજી. નં. ૪૧ /૨૦૧૩ થી પોલીસ ફરીયાદ નોંધાવેલ હતી જેનો મેઈન સેસન્સ કેસ નં. ૧૯/૨૦૧૫ નો છે તથા પુરવણી ચાર્જશીટનો સેસન્સ કેસ નં. ૧૯/૨૦૧૬ તથા ૨/૨૦૨૦ છે. ઉપરોકત ગુનામાં આરોપી – ધનશ્યામભાઈ મગનભાઈ તારબુંદીયા દલવાડી, રહે. નરશીપરા ધ્રાંગધ્રા વાળા ઘણા સમયથી ભાગતા ફરતા હોય આ ગુનાની તપાસ અમોને સોંપવામાં આવેલી અને અમોએ તપાસ સંભાળી લીધેલી, અમારી તપાસ દરમ્યાન આરોપી – ધનશ્યામભાઈ મગનભાઈ તારબુંદીયા નાંઓને બે પંચોની

હાજરીમાં અટક કરેલા, આ સિવાય અન્ય કોઈ કામગીરી મે કરેલ નથી. પરંતુ બચાવ પક્ષે સદરહુ  ત.ક.અ. સાહેદની કરેલ ઉલટતપાસમાં સદરહુ તપાસનીશ અમલદાર સાહેદે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે મે આરોપીઓને અટક કરવા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૬૯ થી ત.ક.અ. સાહેદ – અલ્પેશભાઇ મહેન્દ્રભાઇ પટેલનાંઓએ જણાવેલું છે કે, અમો ગઇ તા. ૧૪/૩/૧૬ ના રોજ ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન ખાતે ફરજ ઉપર હતા તે દરમ્યાન ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૪૧/૨૦૧૩ ના કામના આરોપી મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા રહે. ધ્રાંગધ્રા વાળાને બે પંચો નામે – જીતેન્દ્રસિંહ ખેગારસિંહ પરમાર અને ધર્મેશ રામજી સોનાગ્રાની હાજરીમાં અટક કરી અટક પંચનામુ કરવામાં આવેલુ, મને આંક–૧૫ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં બંને પંચોની તથા રૂબરૂ તરીકે મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું જે તે જ છે. વધુમાં સદર ત.ક.અ. જણાવે છે કે, ત્યારબાદ સદર આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરી રીમાંડ માંગી નામદાર કોર્ટના હુકમ મુજબ જેલ હવાલે કરેલ અને ત્યાર બાદ અમારી બદલી થતા સદરહું ગુનાની વધુ તપાસ ડી.બી.વળવી પો.સ.ઇ. ધ્રાંગધ્રા સીટી પો.સ્ટે. નાઓને સોંપી આપવામાં આવેલી અને સદરહું ગુનાની અંદર અગાઉની તપાસ દરમ્યાન અન્ય આરોપીઓ અટક થઇ ગયેલ હોય હાલના આરોપી વિરૂધ્ધ પો.સ.ઇ.શ્રી ડી.બી.વળવી નાઓએ તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલુ, મને આંક–૧ વાળુ ચાર્જશીટ બતાવવામાં આવે છે જેમાં પો.સ.ઇ. શ્રી ડી.બી.વળવી નાઓની સહી છે જે મારા સાથી અધિકારી હોય તેઓની સહી હું ઓળખુ છું જે તે જ છે તેમ જણાવી આરોપીને ઓળખી બતાવે છે. પરંતુ બચાવ પક્ષે સદરહુ  ત.ક.અ. સાહેદની કરેલ ઉલટતપાસમાં સદરહુ તપાસનીશ અમલદાર સાહેદે એ વાત ખરી હોવાનું જણાવેલ છે કે આ કામે આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કર્યા સીવાય અન્ય કોઈ કામગીરી કરેલ નથી.

**૩૯.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે છે તે ધ્યાને લેતાં ગઈ   તા. ૧૨/૧૦/૨૦૧૩ નાં રોજ આશરે કલાક : ૧૧/૦૦ વાગ્યે આ કામના ફરીયાદી – પીપળજ, તા. જી. અમદાવાદ થી નીકળી બાવળી ગામે નવરાત્રીના

આઠમના તહેવારમાં માતાજીના દર્શને નૈવેદ્ય કરવા જતા હતા ત્યારે ધ્રાંગધ્રા નરશીપરા વિસ્તારમાંથી જતા સાહેદ – મેરાભાઈ ત્યાં પહોંચતા તે જગ્યાએ સાત થી આઠ આરોપીઓ લાકડી, ધારીયા લઈને આવી ફરીયાદીને ગાળો બોલી આરોપી – મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા તથા વાસુભાઈ ગોરધનભાઈ રાવળે હવામાં ફાયરીંગ કરી ફરીયાદીનો નોકીયા મોબાઈલ કિંમત રુા. ૫,૦૦૦/– તથા સોનાનો ચેઈન કિંમત રુા. ૯,૦૦૦/– ગળામાંથી ખેંચી લઈ ફરીયાદી ને ડાબા ખભા ઉપર ધારીયાનો ઉંધો ઘા કરી લાકડી તથા ઢીકાપાટુનો મુઢ માર મારી સાહેદ – ધારાભાઈ ભવાનભાઈને સાથળ તથા મોઢા ઉપર મુઢ માર મારી લાવા કંપનીનો મોબાઈલ ફોન રુા. ૧૦,૦૦૦/– તથા સોનાની ચેઈન કિંમત રુા. ૧,૦૦,૦૦૦/– ગળામાંથી ખેંચી લઈ તથા સાહેદ – મેરાભાઈ ખેતાભાઈને જમણા પગે તલવારના ઘા કરી સોનાની ચેઈન કિંમત રુા. ૧,૫૦,૦૦૦/– નો ગળામાંથી ખેંચી લઈ લુટ કરી તેમજ અન્ય આરોપીઓ એ લાકડી તથા ધારીયા વતી ફરીયાદી તથા સાહેદોને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી આરોપીએ ઈ. પી. કો. ની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબનો શીક્ષાને પાત્ર ગુનો કરેલાનું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેતા ન હોય, મુદૃા નંબર–૧ નો જવાબ નકારમાં આપી, આરોપીને શંકાનો લાભ આપી છોડી મુકતો નીચે મુજબનો મુદૃા નંબર – ૨ સબબ આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુ ક મ //

**૧.** સદરહુ ગુનાનાં કામે આરોપી – મયુરધ્વજસિંહ ઉર્ફે લાલભા મેરૂભા ઝાલા, રહે. ધ્રાંગધ્રા નાંઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૩૫(૧) મુજબ તેઓની વિરૂધ્ધના ઈ. પી. કો. ની કલમ – ૩૯૫, ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૫૦૬(૨) તથા આર્મ્સ એકટની કલમ – ૨૫(૧)બી,એ, ૨૭ તથા જી. પી. એકટની કલમ – ૧૩૫ મુજબના ગુનાના કામે પુરાવાના અભાવે શંકા નો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે આરોપીના જામીન ખત રદૃ ગણવા.

૩. આ ગુનાનાં કામે ચાર્જશીટ મુજબ અન્ય આરોપીઓ સામે કેસની કાર્યવાહી પેન્ડીંગ હોય મુદ્દામાલ સંબંધે આ તબક્કે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૪. ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય દરમિયાનના આરોપી એ રૂપીયા ૨૫,૦૦૦/–(અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ૬ માસની મુદત માટેના અત્રેની અદાલતમાં આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૭મી, માહે – માર્ચ, સને – ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/– એમ. પી. ચૌધરી
( મુકેશકુમાર પ્રતાપભાઈ ચૌધરી )
યુ.આઈ.સી. જીજે ૦૦૬૫૩,
ત્રીજા એડી. સેશન્સ જજ,
ધ્રાંગધ્રા.

તા. ૦૭/૦૩/૨૦૨૬
મું. ધ્રાંગધ્રા.

*VV THAKKAR*